
# પ્રાચીન સ્તવનાવલી

## શ્રી આદીશ્વર ભગવાન

૧





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

# ૧

## શ્રી આદીશ્વર ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**


શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર, નેહરૂબ્રીજના નાકે,
આશ્રમ રોડ, અમદાવાદ

પ્રત : ૧૦૦૦ મુલ્ય : શ્રદ્ધા ભક્તિ

# કિંચિદ્ કથન

પરમાત્મભક્તિ એ આત્માને પરમાત્મા સાથે એકાકાર થવાનું અમોઘ સાધન છે... માણસ એકલો એકલો બોલે તો કોઈક ગાંડો ગણે પણ જો એકલો એકલો ગાતો હોય તો મસ્તીમાં મસ્ત કહેવાય... શાસ્ત્રીય રાગ અને પ્રાચીનકૃતિઓ બે વસ્તુનો મેળાપ ભક્તને પરમાત્મભક્તિમાં રસતરબોળ કરી દે છે... "ભક્તિરસઝરણા" પુસ્તકમાંથી જુદા જુદા પૂર્વ પૂજ્યોના સ્તવનોનો સંગ્રહ આ સાથે આપના કરકમલમાં મૂકતાં અનેરો આનંદ અનુભવું છું આ નિમિત્તે પરમાત્મા મારા હૃદયમાં વસે અને પરભવમાં મને વહેલા મળે...

પં.નંદીભૂષણવિજયજી મ.

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સર્વાર્થ સિધ્ધે થકી | શ્રી વીરવિજયજી | ૧ |
| આદિ દેવ અલવેસરૂ | શ્રી પદ્મવિજયજી | ૧ |
| પ્રથમ જિણેસર ઋષભદેવ | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |
| આદિ દેવ અરિહંત નમું | શ્રી ઋષભવિજયજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| માતા મરૂદેવીના નંદ | શ્રી માણેકમુનિ વિજયજી | ૩ |
| દાદા આદિશ્વરજી | શ્રી વીરવિજયજી | ૪ |
| પ્રથમ જિનેશ્વર પ્રણમીએ | શ્રી પદ્મવિજયજી | ૫ |
| દાદા તારા વિના | શ્રી લબ્ધિવિજયજી | ૬ |
| ઋષભ-જિનેશ્વર પ્રીતમ | શ્રી આનંદઘનજી | ૭ |
| જગજીવન જગવાલ હો | શ્રી યશોવિજયજી | ૮ |
| ઋષભજિણંદા ઋષભજિણંદા | " | ૯ |
| ઋષભદેવ નિતુ વંદિયેં | " | ૯ |
| મોરા સ્વામી હો | શ્રી ભાણવિજયજી | ૧૧ |
| આદિ જિણંદ મયા કરું | શ્રી આનંદવર્ધનજી | ૧૨ |
| તારક ! ઋષભ-જિનેસર | શ્રી લક્ષ્મી વિમલ વિજયજી | ૧૩ |
| ઋષભ-જિણંદા | શ્રી માનવિજયજી | ૧૪ |
| આદિકરણ અરિહંતજી | શ્રી જ્ઞાન વિમલ સૂરીશ્વરજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સકળ-સમીહિત-પૂરણ-સુરતર | શ્રી ભાવવિજયજી | ૧૬ |
| શેત્રુંજા શિરશેહર | શ્રી વિનયવિજયજી | ૧૭ |
| ઉઠત પ્રભાત નામ | શ્રી હરખચંદજી | ૧૭ |
| પ્રણમું આદિજિણંદ | શ્રી નયવિજયજી | ૧૮ |
| કાંઈ રિસહેસર મઇં | શ્રી ઋષભસાગરજી | ૧૯ |
| મરુદેવીનો નંદ માહરો | શ્રી ઉદયરત્નજી | ૨૦ |
| નાભિ - નરેશર | શ્રી ખિમાવિજયજી | ૨૦ |
| પ્રથમ-જિણેસર પૂજવા | શ્રી ખિમાવિજયજી | ૨૧ |
| સકળ વંછિત સુખ આપવા | શ્રી હંસ રત્નજી | ૨૨ |
| પ્રભુજી ! ઓલંભડે મત ખીજો | શ્રી મોહનવિજયજી | ૨૩ |
| પ્રથમ-તીર્થંકર-સેવના | શ્રી મોહનવિજયજી | ૨૪ |
| હાં રે ! આજ મળિયો મુજને | શ્રી રામવિજયજી | ૨૫ |
| ઓળગડી આદિનાથની જો | શ્રી રામવિજયજી | ૨૭ |
| સુગુણ સોભાગી સાચો સાહિબો | શ્રી કાંતિવિજયજી | ૨૮ |
| પ્રભુ ! તાહરી સૂરતિ | શ્રી ન્યાયસાગરજી | ૨૯ |
| જગ ઉપગારી રે સાહિબ | શ્રી ન્યાયસાગરજી | ૩૦ |
| જગચિંતામણિ જગગુરુ | શ્રી પદ્મવિજયજી | ૩૦ |
| ઋષભજિનેસર વૃષભ-લંછન-ધરૂ | શ્રી પદ્મવિજયજી | ૩૧ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ઋષભ જિણંદ નિરખી લોયણે | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૩૨ |
| મન-મોહન તું સાહિબો | શ્રી કીર્તિવિમલજી | ૩૩ |
| પ્રથમ જિણંદ મયા કરી | શ્રી દાનવિમલજી | ૩૩ |
| સુંદર મૂરતિ સાહિબ સેવીયે | શ્રી વિનીતવિજયજી | ૩૪ |
| તેરો દરસ ભલે ? પાયે | શ્રી અમૃતવિજયજી | ૩૫ |
| પ્રથમ જિનેશ્વર પૂજીયે રે લો | શ્રી પ્રમોદસાગરજી | ૩૬ |
| પ્રથમ જિણેસર પ્રણત સુરેસર | શ્રી ભાણચંદજી | ૩૭ |
| પ્રભુજી ! આદીસર અલવેસર | શ્રી ખુશાલમુનિજી | ૩૮ |
| જગતગુરુ ! જિન માહરો | શ્રી ચતુરવિજયજી | ૩૯ |
| ઋષભ-જિણંદ શું પ્રીતડી, | શ્રી દેવચંદ્રજી | ૪૦ |
| મોહ્યો મન મધુકર ગુણ | શ્રી જીવણવિજયજી | ૪૧ |
| મંગલવેલી વધારવા રે લાલ | શ્રી દીનવિજયજી | ૪૨ |
| શ્રી જિન જગ-આધાર | શ્રી મેઘવિજયજી | ૪૩ |
| સહિયાં ઋષભ-જિણંદ શું મન | શ્રી કેશર વિમલજી | ૪૪ |
| અરજ સુણો મુઝ સાહિબા | શ્રી કનકવિજયજી | ૪૫ |
| મરુદેવી-સુત સુંદરૂ, હાં રે | શ્રી રૂચિરવિમલજી | ૪૬ |
| આદિજિણેસર કેસર | શ્રી રૂચિરવિમલજી | ૪૭ |
| આદિ જિણેસર દાસની વિનતી | શ્રી ભાવપ્રભુસૂરિજી | ૪૮ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| મનમોહન ! તું સાહિબો | શ્રી કીર્તિવિમલજી | ૪૯ |
| ઋષભ-જિનેસર વંછિત-પૂરણ | શ્રી રતનવિજયજી | ૫૦ |
| પ્રથમ-જિનેસર પ્રાહુણા | શ્રી માણેકમુનિજી | ૫૧ |
| શ્રી વજ્રનાભ મુનિ ભલો | શ્રી દીપવિજયજી | ૫૨ |
| જિન પહિલઉ રે આદિ જિણિંદ | શ્રી ધર્મકીર્તિગણિ | ૫૩ |
| ઋષભ-જિણેસર દરિસણ દીજે | શ્રી સ્વરૂપચંદજી | ૫૪ |
| તુમ દરિસણ ભલે ! પાયો | શ્રી જ્ઞાનવિમલ સૂરિજી | ૫૫ |
| અબ મોહીગે તારો દીનદયાલ | શ્રી ગુણવિલાસજી | ૫૫ |
| વિમલ નયરી વિનીતા વર વંદીયે | શ્રી જગજીવનજી | ૫૬ |
| રે જીવ ! મોહ મિથ્યાતમેં | શ્રી જિનહર્ષજી | ૫૭ |
| ઋષભદેવ હિતકારી જગતગુરુ | શ્રી યશોવિજયજી | ૫૭ |
| 'તારન તરન' કહાવત હો | શ્રી યશોવિજયજી | ૫૮ |
| તું ત્રિભુવન-સુખકાર | શ્રી જ્ઞાનવિમલજી | ૫૯ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| ત્રાશી લાખ પૂરવ ઘરવાસે | શ્રી વીરવિજયજી | ૬૦ |
| આદિ જિનવર રાયા | શ્રી પદ્મવિજયજી | ૬૦ |
| પ્રહ ઉઠી વંદુ | શ્રી વીરવિજયજી | ૬૦ |

# ચૈત્યવંદન વિધિ

## (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

## ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

## ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

## ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તારીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં
કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈ, તાઈં સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રાદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જયાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી આદીશ્વર ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્ય૦

સર્વાર્થ સિધ્ધે થકી, ચવિયા આદિ જિણંદ;
પ્રથમ રાય વિનીતા વસે, માનવ ગુણ સુખકંદ ॥૧॥
યોનિ નકુલ જિણંદને, હાયન[૧] એક હજાર;
મૌનાતીતે[૨] કેવલી, વડ હેઠે નિરધાર ॥૨॥
ઉત્તરાષાઢા જન્મ છે એ, ધનરાશિ અરિહંત;
દશ સહસ પરિવારશ્યું, **વીર** કહે શિવકંત ॥૩॥

૧. વર્ષ ૨. છદ્મસ્થપણું વ્યતિત થયે

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

આદિદેવ અલવેસરૂ વિનીતાનો રાય;
નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય ॥૧॥
પાંચસે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ;
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ ॥૨॥
વૃષભ લંછન જિન [૧]વૃષધરૂ એ, ઉત્તમ ગુણમણિખાણ;
તસ પદ **પદ્મ** સેવન થકી, લહીએ અવિચલ ઠાણ ॥૩॥

૧. ધર્મ

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્ય૦

પ્રથમ જિણેસર ઋષભદેવ, સવ્વટ્ઠથી[૧] ચવિયા;
વદિ ચઉથે આષાઢની, શક્રે સંસ્તવિયા ॥૧॥
અટ્ઠમી ચૈત્રહ વદિ તણી દિવસે પ્રભુ જાયા;
દીક્ષા પણ તિણહીજ દિને, ચઉનાણી થાયા ॥૨॥
ફાગુણ વદિ ઇગ્યારશેએ, **જ્ઞાન** લહે શુભ ધ્યાન;
મહાવદિ તેરશે શિવ લહ્યા, પરમાનંદ નિધાન ॥૩॥

૨. સર્વાર્થસિદ્ધથી

## શ્રી ઋષભવિજયજી કૃત ચૈત્ય૦

આદિ દેવ અરિહંત નમું, ધનુષ પાંચશે કાયા;
નહીં કામ ક્રોધ નામ, મૃષા નહીં માયા......૧
નહીં રાગ નહીં દ્વેષ, નામ નિરંજન તાહરૂં;
વદન દીઠું વિશાલ તિહાં, સવિ પાપ ગયું માહરૂં.....૧૨
નામે હું નિર્મલ થયો, જપું જાપ જિનવર તણો;
કવિ **ઋષભ** એમ ઉચ્ચરે, આદિ દેવ મહિમા ઘણો.....૧૩

# શ્રી આદીશ્વર ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી માણેકમુનિ વિજયજી મ.

(માતા મરૂદેવીના નંદ)

**માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મૂરતિ મારૂં**
**મન લોભાણુંજી, કે મારૂં દિલ લોભાણુંજી.માતા.૧**

કરૂણાનાગર કરૂણાસાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ્ય પાંચસે માન.**માતા.**૨

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર.**માતા.**૩

ઉર્વશી રૂડી અપચ્છરા ને, રામા છે મન રંગ;
પાયે નેપુર રણઝણે કાંઈ, કરતી નાટારંભ.**માતા.**૪

તું હી બ્રહ્મા, તું હી વિધાતા, તું હી જગ તારણહાર;
તુજ સરીખો નહીં દેવ જગતમાં, અરવડીઆ આધાર.**માતા.**૫

તું હી ભ્રાતા, તું હી ત્રાતા, તું હી જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજપદ સેવ.**માતા**.૬
શ્રી સિધ્ધાચલ તીરથ કેરો, **રાજા ઋષભ** જિણંદ;
કીર્તિ કરે **માણેકમુનિ** તાહરી, ટાળો ભવભય ફંદ.**માતા**.૭

## કર્તા : શ્રી વીરવિજયજી મ.

## (દાદા આદીશ્વરજી દૂરથી આવ્યો)

**દાદા આદીશ્વરજી, દૂરથી આવ્યો,** દાદા દરિશન ધ્યો;
કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચઢે પલાણે; કોઈ આવે પગપાળે,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર.**દાદાઆદિ**.૧
શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચઢે પલાણે; હું આવું પગપાળે,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર,**દાદાઆદિ**.૨
કોઈ મૂકે સોના રૂપા, કોઈ મૂકે મહોર; કોઈ મૂકે ચપટી ચોખા,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર.**દાદાઆદિ**.૩
શેઠ મૂકે સોના રૂપા, રાજા મૂકે મહોર; હું મૂકું ચપટી ચોખા,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર.**દાદા.આદિ**.૪
કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ; કોઈ માંગે ચરણોની સેવા,
દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર.**દાદા.આદિ**.૫
પાંગળો માંગે કંચન કાયા, આંધળો માંગે આંખ;
હું માંગું ચરણોની સેવા, દાદાને દરબાર,
હાં હાં દાદાને દરબાર;**દાદા.અદિ**.૬
**હીરવિજય** ગુરૂ હીરલો ને, **વીરવિજય** ગુણ ગાય;
શેત્રુંજયના દર્શન કરતાં, આનંદ અપાર, હાં હાં આનંદ અપારદાદા;**આદિ**.૭

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (પ્રથમ જિનેશ્વર પ્રણમીએ)

**પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય;**

કલ્પવૃક્ષ પરે તાસ ઈંદ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય......૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ;

તેહથી પ્રતિહત તેહ માનું કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ......૨

વગર ધોઈ તુજ નિરમળી, કાયા કંચનવાન;

નહીં પ્રસ્વેદ લગાર તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન......૩

રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય;

રૂધિર આમિષથી રાગ ગયો તુજ જન્મથી, દૂધ સહોદર હોય......૪

શ્વાસો શ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાત;

દેખે ન આહાર નિહાર ચર્મચક્ષુ ધણી, એહવા તુજ અવદાત......૫

ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ;

કર્મ ખપ્યાથી અગ્યાર, ચોંત્રીશ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ......૬

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;

"**પદ્મવિજય**" કહે એહ સમય પ્રભુ પાળજો, જેમ થાઉં અક્ષય અભંગ......૭

## કર્તા : શ્રી લબ્ધિવિજયજી મ.

### (દાદા તારા વિના મારા નયન ભીનાં)

દાદા તારા વિના, મારા નયન ભીનાં,
કોણ લૂછે, મુજ અંતરને કોણ પૂછે.
મન મારૂં રહે છે મૂંઝાતું, મુજ દિલમાં કંઈ કંઈ થાતું;
મન મારૂં ભમે, દિલને કંઈ ના ગમે, શૂન્ય રહે છે.મુજ..૧
તલસી રહ્યો પણ કોઈ નહીં સાથી, સૌ છે સ્વાર્થના સંગાથી;
અંધકાર મહીં, અટવાયા કરૂં, નવી સૂઝે.મુજ..૨
આધી વ્યાધિ ઉપાધિ, અનેરી, મોહમાયાની છાયા છે ઘેરી;
સુખ શાંતિ વિના, રસ જીવનમાં, નવી રહે.મુજ..૩
જલ વિના જેમ મીન રહે તલસી, તેમ તુમ દર્શનનો હું પ્યાસી;
કૃપા દૃષ્ટિ કરો, અમી વૃષ્ટિ કરો, આશા એ છે. મુજ..૪
જ્ઞાનદિપકનો તું છે મિનારો, મુજ મુક્તિ નૈયાનો કિનારો;
દાસ તારો ગણી, એનો નાવિક બની, તારી લેજે.મુજ..૫
સુણ સિધ્ધાચલ વાસી વ્હાલા, મુજ અંતરના કાલાવાલા;
આત્મકમલ વિકાસી, **લબ્ધિ** દિલમાં પ્રકાશી, મુક્તિ દેજે.મુજ..૬

## કર્તા : શ્રી આનંદઘનજી

(રાગ મારૂ-કરમ પરીક્ષા કરણ કુંવર ચાલ્યો-એ દેશી)

ઋષભ-જિનેશ્વર પ્રીતમ[1] માહરો રે, ઓર[2] ન ચાહું રે કંત[3] ।
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે[4] સાદિ-અનંત. ઋ૦॥૧॥
પ્રીત-સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત-સગાઈ ન કોય ।
પ્રીત-સગાઈ રે "નિરૂપાધિક"[5] કહી રે, સોપાધિક[6] ધન ખોય ઋ૦॥૨॥
કોઈ કંત-કારણ કાષ્ટભક્ષણ[7] કરે રે, "મિલશું કંતને ધાય"[8] ।
એ મેળો નવિ કહીયેં સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋ૦॥૩॥
એ પતિ-રંજન[9] અતિ[10]- ઘણો તપ કરે, પતિ-રંજન તન-તાપ[11] ।
એ પતિ-રંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, "રંજન ધાતુ[12] -મિલાપ" ઋ૦॥૪॥
કોઈ કહે-"લીલા રે અ-લખ અ-લખ[13] તણી રે, લખ[14] પૂરે મન આશ"।
દોષ-રહિતને લીલા નવિ ઘટે રે; લીલા દોષ-વિલાસ[15] ઋ૦॥૫॥
ચિત્ત પ્રસન્ન રે પૂજન-ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ ।
કપટ-રહિત થઈ આતમ-અરપણા રે, આનંદઘન પદ રેહ[16] ઋ૦॥૬॥

---

૧. ધણી ૨. બીજો ૩. ધણી ૪. સાદિ અનંત ભાંગો-એ જૈન સિદ્ધાંતનો પારિભાષિક શબ્દ છે, કે જેની આદિ છે પણ અંત નથી એવા ભાંગે કરીને ૫. ઉપાધિ = મમત્વ વગરની ૬. ઉપાધિ = રાગવાળી ૭. સતી થાય- બળી મરે છે ૮. દોડીને ૯. ધણીને રાજી કરવા ૧૦. બહુ જ ૧૧. શરીરને તપાવવું ૧૨. પ્રકૃતિના મળવાથી ૧૩. ન લખી શકાય એવી ૧૪. લાખો ૧૫. દોષની લ્હેર ૧૬. રેખા.

## કર્તા : પૂ. ઉ. યશોવિજયજી

(મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી)

જગજીવન જગવાલ[1] હો, મરૂદેવીનો નંદ-લાલ રે
મુખ દીઠે સુખ ઉપજે, દરિશણ અતિહિ - આણંદ - લાલ રે જગ૦(૧)
આંખડી અંબુજ[2] પાંખડી, અષ્ટમી[3]-શશિ-સમ ભાલ[4]-લાલ રે
વદન[5] તે શારદ[6]— ચંદલો, વાણી અતિહિ-રસાળ- લાલ રે જગ૦(૨)
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય[7] સહસ ઉદાર-લાલ રે
રેખા કર-ચરણાદિ'કે, અભ્યંતર[8] નહિ પાર-લાલ રે જગ૦(૩)
ઈષ્ટ-ચન્દ્ર રવિ-ગિરિ તણા, ગુણ[9] લેઈ ઘડીઉં અંગ-લાલ રે
ભાગ્ય કિહાં થકી આવીયું ? અચરિજ એહ ઉત્તંગ-લાલ રે જગ૦(૪)
ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ- લાલ રે
વાચક જશ વિજયે થુણ્યો, દેજો સુખનો પોષ[10]- લાલ રે જગ૦(૫)

---

૧. જગતને વાલમ = પ્રિય અથવા જગવાલ = જગપાલ — જગતના પાલન કરનારા (આ અર્થમાં હો એ રાગપૂર્તિવાંચી શબ્દ ગણી જુદો સમજવો) ૨. કમળ ૩. આઠમના અર્ધવૃત્તાકાર ચંદ્ર જેવા ૪. કપાળ, લલાટ ૫. મુખ ૬. શરદઋતુની પૂર્ણિમાનો ચંદ્ર ૭. એક હજાર આઠ ૮. અંતરંગ ઉદાત્ત ગુણરૂપ લક્ષણો ૯. ઇંદ્રનું ઐશ્વર્ય, ચંદ્રની સૌમ્યતા, સૂર્યની તેજસ્વિતા, ગિરિ પર્વત = મેરૂ પર્વતની ધીરતા ૧૦. પોષણ = વધારો

## કર્તા : પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ.

### (મેરો પ્રભુ નીકો મેરો પ્રભુ નીકો—એ દેશી)

ઋષભજિણંદા ઋષભજિણંદા તું સાહિબ ! હું છું તુજ બંદા[1]
તુજશ્યું પ્રીતિ બની મુજ સાચી, મુજ મન તુજ ગુણશ્યું રહ્યો માચી[2] ઋ૦(૧)
દીઠા દેવ રૂચે ન અનેરા,[3] તુજ પાખલિ[4] ચિતડું દિયેં ફેરા,
સ્વામી શ્યું કામણડું કીધું, ચિતડું અમારૂં ચોરી લીધું ઋ૦(૨)
પ્રેમ બંધાણો તે તો જાણો, નિરવહશ્યો[5] તો હોશે વખાણો,[6]
વાચક **જશ** વિનવે જિનરાજ, બ્રાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ ઋ૦(૩)

---

૧. સેવક ૨. ભય ૩. બીજા ૪. આસપાસ ૫. નભાવશો ૬. પ્રશંસા

## કર્તા : પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ.

### (આજ સખી સંખેસરો—એ દેશી)

ઋષભદેવ નિતુ વંદિયેં, શિવ-સુખનો દાતા
નાભિ - નૃપતિ જેહના પિતા, મરૂદેવી માતા.
નયરી, વિનીતા[1] ઉપનો, વૃષભ લંછન સોહેં,
સોવનવન્ન[2] સુહામણો, દીઠડેં મન મોહેં; હાંરે-દીઠડેં જગ૦(૧)
ધનુષ પાંચસેં જેહનું, કાયનું માન,
ચ્યાર સહસશ્યું વ્રત[3] લીયેં, ગુણ - રયણ નિધાન,

લક્ષ ચોરાશી પૂર્વનું આઉખું પાળે,
અમિય-સમી દીયેં દેશના, જગ પાતિક[૪] ટાળે, હાં રે જગ૦(૨)
સહસ ચોરાશી મુનિવરા, પ્રભુનો પરિવાર,
ત્રણ્ય લક્ષ સાધ્વી કહી, શુભ - મતિ સુવિચાર;
અષ્ટાપદગિરિ ચઢી, ટાળી સવિ કર્મ,
ચઢી ગુણઠાણે ચઉદમેં, પામ્યા શિવ[૫] શર્મ, હાં રે -પા૦(૩)
ગોમુખ યક્ષ, ચક્કેશ્વરી પ્રભુ સેવા સારે;
જે પ્રભુની સેવા કરે, તસ વિઘન નિવારે,
પ્રભુ-પૂજાયેં પ્રણમેં સદા, નવ નિધિ તસ હાથે,
દેવ સહસ સેવાપરા, ચાલે તસ સાથે- હાં રે ચાલે૦ (૪)
યુગલા-ધર્મ-નિવારણો, શિવ-મારગ ભાખે,
ભવ - જળ પડતા જંતુને, એ સાહિબ રાખે;
શ્રી **નયવિજય** વિબુધ જયો, તપગચ્છમાં દીવો,
તાસ શીશ ભાવે ભણે, એ પ્રભુ ચિરંજીવો-હાં રે એ પ્રભુ૦(૫)

---

૧. અયોધ્યાનગરી ૨. સુવર્ણ વર્ણ = રંગ ૩. દીક્ષા ૪. પાપ ૫. મોક્ષસુખ

## કર્તા : શ્રી ભાણવિજયજી

મોરા સ્વામી હો ! શ્રી પ્રથમ જિણંદ કે, ઋષભજિનેશ્વર, સાંભળો;
મુજ મનની હો જે હું કહું વાત કે, છોડી મનનો આંમળો.[1] **મોરા૦(૧)**
ગુણ-ગિરૂઆ હો અવસર લહી આજ કે, તુજ ચરણે, આવ્યો વહી,
સેવકને હો કરૂણાની લહેર કે, જુઓ જો મનમાં ઉમહી[2] **મોરા૦(૨)**
તો હોવે હો અંગો-અંગ આલ્હાદકે, ન કહી જાએ, તે વાતડી,
દયાસિંધુ[3] ! હો સેવકને સાથ કે, અવિહડ[4] રાખો પ્રીતડી, **મોરા૦(૩)**
હવે અંતર[5] હો નવિ ધરવો ચિત્ત કે, નિજ સેવક, કરી લેખવો.[6]
સેવા ચરણની હો દેજ્યો વળી મુજ[7] કે, નેહભર નજરે, પેખજ્યો. **મોરા૦(૪)**
ઘણું તુમને હો શું કહું ? ભગવાન કે, દુઃખ-દોહગ[8], સહુ ચૂરજ્યો,
પ્રેમ-બુધનો હો **ભાણવિજય**ના સ્વામી કે, મનવંછિત, તુમે પૂરજ્યો. **મોરા૦ (૫)**

---

૧. મનની આંટી ૨. ઉમંગથી ૩. સમુદ્ર ૪. કાયમી ૫. ભેદભાવ ૬. ગણવો ૭. સ્નેહભરેલી ૮. દુર્ભાગ્ય

## કર્તા : શ્રી આનંદવર્ધનજી મ.

(શ્રી જિનવાણી મયા કરો– એ દેશી)

આદિજિણંદ મયા કરૂં,[1] લાગ્યો તુમ્હ શું નેહા રે,
દિન-રયણી દિલમેં વસે, જયું ચાતક-ચિત્ત મેહા રે-
બલિ[2] જાઉં વાત સુણો મેરી૦બલિ૦(૧)
મરૂદેવી કે લાલન,[3] મૂરતિ નવલ સુહાની રે,
અખિયા તપતિ[4] બુઝાવહી,
જયું પ્યાસેકું પાની રે;બલિ૦(૨)
તુમ્હ સાહિબ હમ દાસ હૈ, અબ કછુ કર હો દિલાસા રે,
**આનંદવર્ધનકે** પ્રભુ, હમ હૈ તુમ્હારી આશા રે; બલિ૦(૩)

---

૧. દયા કરનારા અથવા દયાની ખાણ ૨. ઓવારી જાઉં ૩. લાડલા પુત્ર
૪. રાગાદિ-તાપને શમાવનાર

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલ વિજયજી

### (સાહિબ ! બહુ જિનેસર વિનવું—એ દેશી)

તારક ! ઋષભ-જિનેસર ! તું મિલ્યો, પ્રત્યક્ષ પોત[1] સમાન હો,
તારક ! તુજને જે અવલંબીયા, તેણે લહ્યું ઉત્તમ-સ્થાન[2] હો **તારક !** (૧)
તારક ! તુજ વંદન-પૂજન કરી, પવિત્ર કરૂં નિજ દેહ હો,
તારક ! તુજ ગુણ સ્તવનાયે[3] સ્તવી, જીહા[4] કરૂં અમૃત લેહ[5] હો **તારક !** (૨)
તારક ! ગુણ અનંતા તાહરા, કુણ કહી લહશે પાર હો ?
તારક ! કેવળી-કોડી[6] મિલે કદા, જાણે ન કહે નિરધાર હો **તારક !** (૩)
તારક ! ગણધર મુનિવરે સ્તવ્યો, સ્તવીયો દેવની કોડ હો,
તારક ! તો પણ હું તુજને સ્તવું, ભક્તિ કરું તસ[7] હોડ હો **તારક !** (૪)
તારક ! મરૂદેવી માતાને નમું, રત્ન-કુક્ષિ ધરનાર હો,
તારક ! નાભિરાયા - કુલચંદલો, સકલ-જંતુ આધાર હો **તારક !** (૫)
તારક ! સુમંગલા-સુનંદા તણો. પ્રીતમ પ્રભુ વિખ્યાત હો,
તારક ! શ્રી પુંડરીક-ગણધર તણો, પિતામહ ગુરૂ જગ-તાત હો **તારક !**(૬)
તારક ! તુજ નામે રિદ્ધિ સંપજે, વાધે કીર્તિ અ-પાર હો,
તારક ! **શિવ-લચ્છી**[8] સહજે મળે, સફળ થાયે અવતાર હો **તારક !** (૭)

---

૧. વહાણ ૨. મોક્ષ ૩. સ્તુતિથી ૪. જીભ ૫. અમૃતની રેખા ૬. ક્રોડો કેવલજ્ઞાની ૭. તે દેવોની ૮. મોક્ષ લક્ષ્મી

## કર્તા : શ્રી માનવિજયજી મ.

(રાગ-પ્રભાતી)

ઋષભ-જિણંદા! ઋષભ-જિણંદા !
તુમ દરિશણ હુએ પરમાણંદા,
અહ - નિશિ ધ્યાઉં તુમ દીદારા,[1]
મહિર[2] કરીને કરજ્યો પારા-ઋષભ(૧)
આપણને પૂંઠે[3] જે વળગા,
કિમ સરે ? તેહને કરતાં અળગા[4]
અળગા કીધા પણ રહે વળગા,
મોર-પીંછ પરે ન હુએ ઉભગા[5]-ઋષભ(૨)
તુમ્હ પણ અળગા થયેં કિમ સરશે[6] ?
ભગતી ભલી આકરષી લેશે,
ગગને ઊડે દૂરે પડાઈ[7],
દોરીબળે હાથે રહી આઈ-ઋષભ(૩)
મુજ મનડું છે ચપળ સ્વભાવે,
તોહે અંતર્મુહૂર્ત પ્રસ્તાવે[8]
તું તો સમય-સમય બદલાયે,
ઈમ કિમ પ્રીતિ-નિહાવો[9] થાયે?-ઋષભ(૪)
તે માટે તું સાહિબ માહરો !
હું છું સેવક ભવો - ભવ તાહરો !
એહ સંબંધમાં મ હજો ખામી,
વાચક **માન** કહે શિર-નામી-ઋષભ(૫)

---

૧. ચહેરો, મૂર્તિ ૨. મહેરબાની, કરુણા ૩. પાછળ ૪. જુદા ૫. દૂર = જુદા ૬. ચાલશે ૭. પતંગ
૮. સમયોચિત અનુકૂળ થાય ૯. પ્રેમનો નભાવ

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલ સૂરીશ્વરજી મ.

### (ઢાલ-લલનાની)

આદિકરણ[1] અરિહંતજી, ઓલગડી[2] અવધાર-લલના
પ્રથમ - જિનેસર પ્રણમીએ, વંછિત-ફળ દાતાર-લલના-આદિ૦(૧)
ઉપગારી અવનીતળેં, ગુણ-અનંત ભગવાન-લલના
અવિનાશી અક્ષયકળા, વરતે અતિશય-નિધાન-લલના-આદિ૦(૨)
ગૃહવાસે પણ જેહને, અમૃત[3]-ફળ આહાર-લલના
તે અમૃત[4]-ફળને લહે, એ યુગ તું નિરધાર-લલના-આદિ૦(૩)
વંશ ઈક્ષ્વાગ છે જેહનો, ચઢતો રસ સુવિશેષ-લલના
ભરતાદિક થયા કેવળી, અનુભવ-રસ ફળ દેખ-લલના-આદિ૦(૪)
નાભિરાયા-કુળમંડણો, મરૂદેવી-સર-હંસ-લલના
ઋષભદેવ નિતુ વંદીયે, **જ્ઞાનવિમલ**-અવતંસ-લલના-આદિ૦(૫)

---

૧. અવસર્પિણી કાળના ત્રીજા આરાના છેડે ધર્મ વ્યવહારની આદિ કરનારા ૨. સેવા ૩. કલ્પવૃક્ષના ફળ ૪. અજરામર = શાશ્વત્ મોક્ષપદ રૂપ ફળને

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ-આશાવરી—અવસર આજ હઈ રે – એ દેશી)

સકળ-સમીહિત[1]-પૂરણ-સુરતરૂ[2] ઇંદ્રાણીયે ગાયો રે
નાભિ-નરેસર-નંદન સુંદર મરૂદેવીયો-ત્રિ૦(૧)
ત્રિભુવન-રાજિઓ રે, શ્રી રિષભ-જિનેસરરાયા
સુર-નર જસ સેવે પાયા, જસ લંછન વૃષભ[3] સુહાયા-ત્રિ૦(૨)
ધનુષ પંચસય માન મનોહર, કંચન[4]-વરણી કાયા રે
પૂરવ-લાખ ચઉરાશી જીવિત, નયરી વિનીતા-રાયા-ત્રિ૦(૩)
વંશ ઈક્ષ્વાગ ગોત્ર કાશ્યપનો, આદિ હેતુ વિખ્યાતો રે
નારી-સુનંદા-સુમંગળા-વલ્લભ, ભરતાદિક સુત-તાતો-ત્રિ૦(૪)
ગોમુખ યક્ષ ચક્કેસરી દેવી, જસ શાસન-સુર સોહે
**ભાવ** કહે તે પ્રભુને સેવે, કામધેનુ સો દોહે-ત્રિ૦(૫)

---

૧. ઈષ્ટવસ્તુ ૨. કલ્પવૃક્ષ ૩. બળદ ૪. સ્વર્ણ

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (છબીલે લાલન-એ દેશી)

શેત્રુંજા[1] શિરશેહર, દુખહર આદિ જિણંદ-સોભાગી સુંદર
મરૂદેવીનો નંદન, સુખ[2] સુરતરૂનો કંદ-રમો મનમંદિર -**સો૦(૧)**
સકળ કળા જિણે શીખવી, વર્ત્તાવ્યો વ્યવહાર-સો૦
યુગલા-ધર્મ નિવારીઓ, દેખાડ્યો આચાર-**સો૦(૨)**
નમિ-વિનમિ નિવાજીયા[3], કીધા વિદ્યાવંત-સો૦
બાહુબળી પ્રતિબૂઝવ્યો, તું મોટો ભગવંત-**સો૦(૩)**
સેવા કરતાં સ્વામીની, લહીયેં મુગતિ નિવાસ-સો૦
કીરતિવિજય ઉવઝાયનો, **વિનય** કરે અરદાસ[4]-**સો૦(૪)**

---

૧. શિખરરૂપ મસ્તકના મુકુટસમા ૨. સુખરૂપ કલ્પવૃક્ષના ૩. નવાજ્યા = સત્કાર્યા ૪. વિનતિ

## કર્તા : શ્રી હરખચંદજી મ.

### (રાગ ભેરૂ)

ઉઠત પ્રભાત નામ, જિનજીકો ગાઇયેં,
નાભિજીકે નંદકે, ચરન ચિત લાઇયેં
આનંદકે કંદ[1]જીકો, પૂજત સુરિંદવૃંદ
ઐસો જિનરાજ છોડ, ઓરકું ન ધ્યાઇયેં-**ઉઠત૦(૧)**
જનમ અજોદ્ધા[2] ઠામ, માતા મરૂદેવા નામ,
લંછન વૃષભ જાકે ચરન સુહાઇયે
પાંચસેં ધનુષ માન, દીપત કનકવાન[3],
ચોરાશી પૂરવ લાખ, આયુ સ્થિતિ પાઇયેં-**ઉઠત૦(૨)**
આદિનાથ આદિદેવ, સુર-નર સારે[4] સેવ,

દેવનકે દેવ પ્રભુ, શિવસુખ દાઈયેં
પ્રભુકે પાદારવિંદ[૫], પૂજત હરખચંદ
મેટો દુખદંદ[૬], સુખ સંપતિ બઢાઈયેં-ઉઠત૦(૩)

---

૧. મૂળકારણ ૨. અયોધ્યા ૩. કાંતિ = શરીરનો રંગ ૪. કરે ૫. ચરણ કમલ ૬. ભૂખ-તરસ, ઠંડી-ગર્મી, માન-અપમાન, લાભ-નુકશાન, જય-પરાજય આદિ જોડકાં રૂપ સંસારી દુઃખો

## કર્તા : શ્રી નયવિજયજી મ.

### (ભાછલદે માત મલ્હાર—એ દેશી.)

પ્રણમું આદિજિણંદ, જગજીવન જિણચંદ
આજ હો-સ્વામી રે શિવગામી પામ્યો પુણ્યથીજી.......(૧)
હરખ્યા નયનચકોર, મેહ દેખી જિમ મોર
આજ હો માચે[૧] રે સુખ સાચે રાચે રંગશુંજી.......(૨)
સુર નર નારી કોડિ, પ્રણમે બે કર જોડી
આજ હો નિરખે રે ચિત્ત હરખે પરખે પ્રેમશુંજી.......(૩)
ગાયેં મધુરી ભાસ, ખેલે જિનગુણરાસ
આજ હો ગાને રે જિનધ્યાને તાને મેળવેજી.......(૪)
દેખી પ્રભુ મુખ નૂર[૨], અદ્‌ભુત આણંદપૂર
આજ હો વાધે રે સુખ સાધે લાધે જિમ નિધિજી.......(૫)
ધન ધન તસ અવતાર, સુકૃત સફળ સંસાર
આજ હો જિણે રે સુખદાયક નાયક નિરખીયોજી.......(૬)
સકળ સફળ તસ દીહ[૩] ધન ધન તસ શુભ જીહ
આજ હો જાણી રે ગુણલીણે સ્વામીસું થુણ્યોજી.......(૭)
શિવ-સંપદ દાતાર, ગુણગણ-મણિ ભંડાર
આજ હો જાણી રે સુખખાણી પ્રાણી સેવિયેજી.......(૮)

જ્ઞાનવિજય ગુરુશિષ, **નયવિજય** નિશદીસ
આજ હો ગાવે રે શુભ ભાવે પાવે સંપદાજી......(૯)

---

૧. મગ્ન થાય છે ૨. કાંતિ ૩. દિવસ

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

કાંઈ રિસહેસર મઈં[૧] પાયો હો રાજિ-જિનનાયકજી
કાંઈ ઈંદ્ર-ચંદ્ર નાગિંદ ભલા થેં પાયા હો-ગુણલાયકજી (૧)
કાંઈ પરસન[૨] દરસન તુમચેં, ત્રિભુવન પ્યાસી હો રાજિ-સુખદાયકજી
હું નામ જપું નિશદીસ ઈસી, તુમ આસી હો આજિ-મનલાયકજી (૨)
કાંઈ બિરૂદ ગરીબનવાજ, ભલા થેં પાયા હો રાજિ-જગનાયકજી
કાંઈ દેવ ન સેવું ન દુજો કરી, ઈણ કાયા હો-બોલ લાયકજી (૩)
કાંઈ કરૂણાકર[૩] તું વયકુંઠ[૪] તુઠો રાજિ-સબલાયકજી
કાંઈ ઈણ વિધિ તુંહી અચિંતિત, અવરાં તુઠો હો આજિ-મનલાયકજી (૪)
કાંઈ દીનાનાથ ! તું બાથાં દે ઘણી હો રાજિ-દુખથાયકજી
કાંઈ અલસાણા[૫] અલવેસર અરિહંત,મો ભણી-હો રાજિ-જસલાયક જી (૫)
કાંઈ ઋષભનાથ જગ[૬]નાથ તેં, સનાથ તો હું થયો હો રાજિ-ગુણગાયકજી
કાંઈ તીરથ તું પ્રિયમેલક પરગટ, જગિ જયો હો રાજિ-પ્રેમપાયકજી (૬)
કાંઈ ઈણ સંસાર મૈં અસાર,સાર તો તુંહી હો રાજિ-મનલાયકજી
કાંઈ રાખજો **ઋષભ** સું રંગ કૈ, હું હુકમી[૭] હો-આજિ-ગુણ ગાયકજી (૭)

---

૧. મેં ૨. તુમચે = તમારા, પ્રસન્ન = આનંદકારી દર્શન માટે ત્રણે ભુવન પ્યાસી = તરસ્યા ઉત્કંઠાવાળા છે, (બીજી ગાથાના પૂર્વાર્ધનો અર્થ) ૩. કરૂણાના ભંડાર ૪. ઉત્તમ સ્વર્ગ ૫. આળસી ગયા = રીસાણા ૬. જગતના નાથથી ૭. આજ્ઞાંકિત સેવક

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

(વાર વાર રે વિઠલ વંશ મુને તો ગમે રે- એ દેશી)

મરૂદેવીનો નંદ માહરો, સ્વામી સાચો રે
શિવ-વધૂની ચાહ કરો તો, એહને યાચો રે-મરૂ૦(૧)
કેવલ કાચના કુંપા જેહવો, પિંડ કાચો રે
સત્ય સરૂપી સાહિબો એહને રંગે રાચો રે-મરૂ૦(૨)
યમરાજાના મુખડા ઉપર, દેઈ તમાચો રે
અમર થઈ **ઉદયરત્ન**, પ્રભુ શું, મિલી માચો રે-મરૂ૦(૩)

## કર્તા : શ્રી ખિમાવિજયજી મ.

(દેશી વારી રંગ-ઢોલણા)

નાભિ - નરેશર - નંદના હો! રાજ!
ચંદન શીતલ વાણી- વારી મારા સાહિબા!
દેવ દાનવ વિદ્યાધરા હો ! રાજ ! સેવે જોડી પાણી[૧]-વારી૦(૧)
શુદ્ધાતમબળ-મોગરે[૨] હો રાજ ! મોહ-મદન કરી ઘાત-વારી
રાજ લીયો તેં આપણો હો ! રાજ ! પરમાનંદ વિખ્યાત-વારી૦(૨)
ધર્મચક્રી વિચરે જીહાં ! હો ! રાજ ! કનક કમળ ઠવે પાય-વારી
જોયણ સવાસો મંડળે[૩] હો ! રાજ ! રોગાદિક નવી થાય-વારી૦(૩)
ચરણ[૪]-નૃપતિની નંદિની[૫] હો ! રાજ ! કેવળ-કમળા નાર, વારી
વીતરાગતા-મહેલમાં હો ! રાજ ! વિલસે જગદાધાર-વારી૦(૪)
ઈમ ચઉ અતિશય અલંકજ હો ! રાજ ! સાહિબ જગ-સુલતાન-વારી૦
**ખિમાવિજય** કવિ જિન કહે ! હો ! રાજ ! દીજેં સમકિત-દાન-વારી૦(૫)

---

૧. હાથ ૨. ગદા વડે ૩. ચોમેર ફરતા ક્ષેત્રમાં ૪. ચારિત્રરૂપ રાજાની ૫. છોકરી

## કર્તા : શ્રી ખિમાવિજયજી મ.

(હારરો હીરો-એ દેશી)

પ્રથમ-જિણેસર પૂજવા, સહિયર મ્હારી !
અંગ ઉલટ[1] ધરી આવ ! હો
કેસર ચંદન મૃગમદે[2] સહિ૦ સુંદર આંગી બનાવ ! હો
સહજ સલૂણો[3] મ્હારો, શમ-સુખલીનો મ્હારો
જ્ઞાનમાં ભીનો મ્હારો સાહિબો, સહિયર મ્હારી !
જયો ! જયો પ્રથમ-જિણંદ !હો-સહજ૦(૧)
ધન્ય મરૂદેવી કૂખને સહિ૦ વારી જાઉં વાર હજાર હો
સ્વર્ગ શિરોમણિને તજી, સહિ૦
જિહાં પ્રભુ લીએ અવતાર.હો-સહજ૦(૨)
દાયક[4]-નાયક જન્મથી, સહિ૦ લાજ્યો સુરતરૂ[5]-વૃંદ હો
યુગલા-ધરમ-નિવારણો, સહિ૦ જે થયો પ્રથમ-નરિંદ હો-સહજ૦(૩)
લોકનીતિ સહુ શીખવી, સહિ૦ દાખવા મુક્તિનો રાહ[6] હો
રાજ્ય ભળાવી પુત્રાને, સહિ૦ પામ્યો ધર્મ-પ્રવાહ હો-સહજ૦(૪)
સંયમ લેઈ સંચર્યો, સહિ૦ વરસ લગે વિણ આહાર હો
શેલડી રસ સાટે[7] દીઓ, સહિ૦ શ્રેયાંસને સુખ સાર[8] હો-સહજ૦(૫)
મોટા મહંતની ચાકરી, સહિ૦ નિષ્ફળ કદી ય ન થાય હો
મુનિપણે નમિ-વિનમિ કર્યા સહિ૦ ખીણમાં ખેચર-રાય હો-સહજ૦(૬)
જનનીને કીઓ ભેટણો, સહિ૦ કેવળ-રત્ન અનૂપ[9] હો
પહિલી માતા મોકલી, સહિ૦ જોવા શિવ-વહૂ-રૂપ હો-સહજ૦(૭)

પુત્ર નવાણું પરિવર્યો, સહિ૦ ભરતના નંદન આઠ હો
આઠ કરમ અષ્ટપદે, સહિ૦ યોગ-નિરોધે નાઠ હો-સહજ૦(૮)
તેહના બિંબ **સિદ્ધાચલે**, સહિ૦ પૂજો પાવન-અંગ હો
**ક્ષમાવિજય-જિન** નિરખતાં, સહિ૦ ઉછળે હરખ-તરંગ હો-સહજ૦(૯)

---

૧. હર્ષ-આનંદ ૨. કસ્તુરીથી ૩. સુંદર-શ્રેષ્ઠ ૪. દાતાઓના નાયક ૫. કલ્પવૃક્ષનો સમૂહ ૬. માર્ગ ૭. વાદળામાં ૮. ઉત્તમ ૯. અદ્‌ભુત-અપૂર્વ

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (અજબ રંગાવો સાહેબા ચૂનડી-એ દેશી)

સકળ વંછિત સુખ આપવા, જંગમ[૧] સુરતરૂ[૨] જેહ છિ દિદારૂ,
નાભિ-નરિંદ કુળકેસરી[૩], ત્રિવિધે સેવો તેહ છિ દિદારૂ,
જે મરૂદેવીનો જાત, છિ૦ જે ભરત-બ્રાહ્મીનો તાત- છિ૦
જે વિશ્વમાંહે વિખ્યાત, છિ૦ પૂરવ પુણ્યે મેં લહ્યો,
ભાગી ભવની ભ્રાંત[૪]-છિ૦પૂરવ૦(૧)
જુગલાધર્મ જેણે ઉદ્ધર્યો, પ્રથમ જેહ રાજાન-છિ૦
વિશ્વ-રચના સઘળી દાખીને, ટાળ્યું જિણે અજ્ઞાન-છિ૦જે૦(૨)
પ્રગટ કરીને સહુને શીખવ્યા, સકળ સંસાર-સૂત્ર-છિ૦
ભરત પ્રમુખ થાપ્યા રાજવી, સો દેશે સો પુત્ર-છિ૦જે૦(૩)
દાન દેઈને દીક્ષા આદરી, ત્રિભુવન-જન હિતકાજ-છિ૦
ધર્મતીર્થ-ચક્રી એહવું, બિરૂદ ધર્યું માહારાજ-છિ૦જે૦(૪)
ઇંદ્ર ચોસઠ ઉભા ઓળગે,[૫] જુગતે જોડી પાણિ[૬]-છિ૦
સમવસરણે સહુ કો સાંભલે, દેશના મધુરી વાણી-છિ૦જે૦ (૫)
લાખચોરાશી પૂરવ અનુક્રમે, પાળીને પરમાય-છિ૦

જન્મ-મરણ બંધન ત્રોડીને, પામ્યા પંચમ[7] ઠાય[8]-છિ૦જે૦ (૬)
**હંસરત્ન** કર જોડિ કહે, સાહિબ **ઋષભ**-જિણંદ-છિ૦
ચરણ-યુગલ સેવા ભવોભવે, આપો અધિક આણંદ-છિ૦જે૦ (૭)

---

૧. ચાલતા ૨. કલ્પવૃક્ષ ૩. સિંહ ૪. ભ્રમણા ૫. સેવા કરે ૬. હાથ ૭ પાંચમી ૮. ગતિ

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

પ્રભુજી ! ઓલંભડે[1] મત ખીજો, બાળપણે આપણ સસનેહી[2],
રમતા નવ નવ વેષે આજ તુમે પામ્યા પ્રભુતાઈ[3]
અમે તો સંસાર[4] નિવેશે[5] હો-પ્ર૦(૧)
જો તુમ ધ્યાતાં શિવસુખ લહીયેં, તો તુમને કેઈ ધ્યાયેં
પણ ભવસ્થિતિ-પરિપાક થયા વિણ, કોઈ ન મુગતે જાયે હો-પ્ર૦(૨)
સિદ્ધનિવાસ[6] લહે ભવિ[7]-સિદ્ધિ, તેહમાં શ્યો પાડ[8] તુમારો
તો ઉપગાર તુમારો વહીએ, અભવ-સિદ્ધને તારો હો-પ્ર૦(૩)
નાણરયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાશી[9]
તેહ તણો એક અંશ જો આપો, તે વાતે શાબાશી હો-પ્ર૦(૪)
અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા[10] નવિ થાય
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શ્યું જાય હો-પ્ર૦(૫)
સેવા ગુણ રંજ્યો ભવિજનને, જો તુમે કરો વડભાગી
તો તુમે સ્વામી ! કેમ કહાવો ? નિરમમ ને નિરાગી હો-પ્ર૦(૬)
**નાભિનંદન** જગવંદન પ્યારો, જગગુરૂ જગ હિતકારી
રૂપ-વિબુધનો **મોહન** પભણે, વૃષભ-લંછન બલિહારી હો-પ્ર(૭)

---

૧. મીઠા ઠપકા ૨. પ્રેમવાળા ૩. મોટાઈ ૪. ચાર ગતિ રૂપ ૫. ગામમાં ૬. મોક્ષ ૭. ભવ્ય જીવ
૮. ઉપકાર-એહસાન ૯. ઠાકોર ૧૦. સંકોચ

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (આજ હજારી ઢોલો પ્રાહુણો—એ દેશી)

પ્રથમ-તીર્થંકર-સેવના, સાહિબા ! ઉદિત[1] હૃદય સસનેહ[2]-જિણંદ મોરા હે
પ્રીત પુરાતન[3] સાંભરે, સાહિબા ! રોમાંચિત શુચિ દેહ-જિણંદ૦(૧)
અ-ગમ અ-લૌકિક સાહિબા, સાહિબા ! કાગળ પણ ન લખાય-જિણંદ૦
અંતરગતની[4] જે વાતડી, સાહિબા ! જણ[5]-જણ નેં ન કહાય-જિણંદ૦(૨)
કોડી ટકાની હો ચાકરી, સાહિબા ! પ્રાપતિ વિણ ન લહાય-જિણંદ૦
મનડોજી મળવાને ઉમહ્યો, સાહિબા ! કિમ કરી મેળો થાય ?-જિણંદ૦(૩)
સાહિબા ! દૂરથકાં પણ સાજણા, સાહિબા ! સાંભરે નવરંગ રીત-જિણંદ૦
પૂરવ-પુણ્યે પામીયેં, સાહિબા ! પરમ-પુરુષશ્યું પ્રીત-જિણંદ૦(૪)
મત[6] મત નય[7]-નયકલ્પના, સાહિબા ! ઇતર[8] ઇતર પરિમાણ-જિણંદ૦
રૂપ અ-ગોચર નવિ લહે, સાહિબા ! વિવાદ એ મહીઆણ-જિણંદ૦(૫)
શમ દમ શુદ્ધસ્વભાવમાં, સાહિબા ! પ્રભુ ! તુમ રૂપ અખંડ-જિણંદ૦
ભગતિ વદિત સંલીનતા, સાહિબા ! એથી પ્રગટ પ્રચંડ-જિણંદ૦(૬)
કરૂણારસ-સંજોગથી, સાહિબા ! દીઠો નવલ-દિદાર-જિણંદ૦
**રૂપ**-વિબુધ કવિરાજનો, સાહિબા ! **મોહન** જય-જયકાર-જિણંદ૦(૭)

---

૧. પ્રગટ થઈ છે ૨. સ્નેહપૂર્વક અંતરના રાગથી ૩. જૂની ૪. અંદરની ૫. જ્યાં-ત્યાં ૬. દરેકની જુદી જુદી બુદ્ધિએ ૭. નય અને તેના પેટાનયની કલ્પના ૮. જુદી જુદી રીતે

## કર્તા : શ્રી રામવિજયજી મ.

(હાં રે મ્હારે યોવનીયાનો લટકો દહાડા ચ્યાર જો—એ દેશી)

હાં રે ! આજ મળિયો મુજને તીન ભુવનનો નાથ જો,
ઉદયો[૧] સુખ-સુરતરૂ મુજ ઘટ[૨] ઘર આંગણે રે જો,
હાં રે ! આજ અષ્ટ મહાસિદ્ધિ આવી માહરે હાથ જો,
નાઠા[૩] માઠા દહાડા દરિસણ પ્રભુતણે રે જો....(૧)
હાં રે ! મ્હારે હિયડે ઊલટી[૪] ઉલ્લટરસની[૫] રાશિ જો,
નેહ[૬]-સલૂણી નજર નિહાળી તાહરી રે જો,
હાં રે ! હું તો જાણું નિશદિન બેસી રહું તુજ પાસ જો,
તાહરે નેહે ભેદી મીંજી[૭] માહરી રે જો....(૨)
હાં રે ! મ્હારી પૂગી[૮] પૂરણ રીતે મનની હુંશ જો,
દુરજનિયાં તે દુખભર્યા આવટશે[૯] પડ્યા રે જો,
હાં રે ! પ્રભુ ! તું તો સુરતરૂ બીજો જાણ્યા તૂસ[૧૦] જો,
તુજ ગુણહીરો મુજ હિયડા ઘાટે જડ્યો રે જો....(૩)
હાં રે ! પ્રભુ ! તુજશું મહારે ચોળ-મજીઠો રંગ જો,
લાગ્યો એહવો તે છે કુણ ટાળી શકે રે જો,
હાં રે ! પ્રભુ ! પલટે તે તો કાચો રંગ પતંગ જો,
લાગ ન લાગે દુરજનનો કો મુજ થકે રે જો....(૪)

હાં રે ! પ્રભુ ! તાહરી મુદ્રા સાચી મોહનવેલ જો,
મોહ્યા તીન-ભુવનજન દાસ થઈ રહ્યા રે જો,
હાં રે[11] ! પ્રભુ ! જે નવિ રંજ્યા તે સુરતરૂને ઠેલી જો,
દુઃખ-વિષવેલી આદર કરવા ઉમહ્યા રે જો....(૫)

હાં રે ! પ્રભુ ! તાહરી ભક્તિ ભીન્યું માહરું ચિત્ત જો,
તલ[12] જિમ તેલે તેલે[13] જેમ સુવાસના રે જો,
હાં રે ! પ્રભુ તાહરી દીઠી જગમેં મોટી રીત જો,
સુફળ ફળ્યા અરદાસ[14]-વચન મુજ દાસના રે જો....(૬)

હાં રે ! મ્હારે પ્રથમ પ્રભુજી ! પૂરણ ગુણનો ઈશ જો,
ગાતાં રૂષભજિણેસર હુંસે મનતણી રે જો,
હાં રે ! મ્હારે **વિમલવિજય** વર વાચકને શુભ શિષ્ય જો,
**રામે** પામી દિન દિન દોલત અતિ ઘણી રે જો....(૭)

---

૧. ઊગ્યો ૨. અંતરાયના ઘરના ૩. અશુભ ૪. ઉભરાઈ ૫. અપૂર્વ આનંદ રસની ૬. સ્નેહભરી ૭. ભેદાઈ = તરબોળ થઈ ૮. હાડકાની અંદરની મિંજ એટલે હાડોહાડ ૯. અથડાશે ૧૦. ફોતરાં ૧૧. હે પ્રભુ ! જે તમારાથી રંજ્યા નહીં તેઓ સુરતરૂ = કલ્પવૃક્ષને ઠેલી દુઃખરૂપ વિષવેલડીને આદરવા તૈયાર થયા છે (પાંચમી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૧૧. તલ જે રીતે તેલથી વ્યાપ્ત હોય ૧૩. તેલમાં જેમ સુગંધ વ્યાપ્ત હોય ૧૪. મરજીનાં વચનો

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (યોગમાયા ગરબે રમે જો-એ દેશી)

ઓળગડી[1] **આદિનાથની** જો, કાંઈ કીજીયેં મનને કોડ[2] જો

હોડ[3] કરે કુણ નાથની જો, જેહના પાય નમે સુર-કોડ જો-ઓળ૦(૧)

વાહલો મરૂદેવીનો લાડલો[4] જો, રાણી **સુનંદા** ! હઈડાનો હાર જો,

ત્રણ ભુવનનો નાહલો[5] જો, માહરા પ્રાણતણો આધાર જો-ઓળ૦(૨)

વાહલે વીશ પૂરવ લખ ભોગવ્યું જો, રૂડું કુમરપણું રંગ-રેલ જો,

મનડું મોહ્યું રે જિન-રૂપશું જો, જાણે જગમાં મોહનવેલ જો-ઓળ૦ (૩)

પાંચસે ધનુષની દેહડી જો, લાખ પૂરવ ત્રેસઠ રાજ જો

લાખ પૂરવ સમતા-વર્યા જો, થયા શિવસુંદરી વરરાજ જો-ઓળ૦ (૪)

એહના નામથી નવનિધિ સંપજે જો, વળી અલિય[6]-વિઘન સવિ જાય જો

શ્રી **સુમતિવિજય** કવિરાયનો જો, ઈમ **રામવિજય** ગુણ ગાય જો-ઓળ૦ (૫)

---

૧. સેવા ૨. ઉમંગ ૩. સમાનતા ૪. વહાલા પુત્ર ૫. નાથ ૬. અવરોધ

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

(અરજ અરજ સુણોને રૂડા રાજીયા હો જી-એ દેશી)

સુગુણ (૨) સોભાગી સાચો સાહિબો હોજી, મીઠડો[1] આદિ જિણંદ,
મોહન (૨) સૂરતી[2] રૂડી દેખતાં હોજી, વાધે પરમ આણંદ-સુ૦(૧)
સુંદર (૨) જિન ચિતડે ચડ્યો હોજી, ચોકસ પદહ[3] ઠરાય
વેધક (૨) તન મનનો થયો હોજી, ઉતાર્યો કિમ જાય ? -સુ૦(૨)
તુજ ગુણ (૨) કહીવા મુજ જીભડી હોજી, રાતી રંગે રહંત
અંતર (૨) ગતની જે વાતડી હોજી, તે મુખે આવી ચડંત-સુ૦(૩)
કામણ (૨) ગારો પ્યારો પ્રાણથી હોજી, ભેટણ ઉજમ[4] અંગ
ચંદન (૨)થી અતિ શીતલો હોજી, જગમાં ઉત્તમ સંગ-સુ૦(૪)
ત્રિકરણ (૨) શું તુજથી કર્યો હોજી, નવલો પ્રેમ પ્રકાશ
દિલભરી (૨) **કાંતિવિજય** તણા હોજી, પૂરો પ્રેમ-પ્રકાશ-સુ૦(૫)

---

૧. વ્હાલો ૨. ચહેરો ૩. સ્થાન ૪. ઉમંગવાળું

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

પ્રભુ ! તાહરી સૂરતિ[1] મેં ધરી ધ્યાનમાં !
ધ્યાનમાં ધ્યાનમાં ધ્યાનમાં રે,
વૃષભ-લંછન જિન વિનીતા વાસી,
પણશત[2] ધનુ તનુ-માનમાં-પ્રભુ૦
જગ ઉરણ[3] સવિ કીધો તેં તો,
ધન વરસી વરસીદાનમાં-પ્રભુ૦(૨)
નાભિરાયા કુળ મંડન ગાઉં, મરૂદેવીસુત ગાનમાં -પ્રભુ૦
ચરણોત્સવ[4] ઇંદ્રાદિક સારે, શ્રીજિન બેસે જાનમાં[5] -પ્રભુ૦
ગીત-ગાન પ્રભુ આગે નાચે, સાચે રાચે તાનમાં -પ્રભુ૦
પંચ મહાવ્રત લેવા અવસર, સમજાવે સુર સાનમાં-પ્રભુ૦
ન્યાયસાગર પ્રભુ સેવક માચે, વાણી અમૃત-પાનમાં -પ્રભુ૦

---

૧. ચહેરો ૨. પાંચસો ૩. અનૃણ = દેવા વગરનું ૪. દીક્ષાનો ઓચ્છવ ૫. પાલખીમાં

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (માહરૂં મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે-એ દેશી)

જગ ઉપગારી રે સાહિબ માહરો રે, અતિશય-ગુણ-મણિ ધામ,
**આદિજિણેસર** અતિ અલવેસરૂ રે, અહનિશ ધ્યાઉં રે નામ.
મોરૂં મન મોહ્યું રે મરૂદેવી-નંદશું.રે૦(૧)
દોય કર જોડી રે તુમ સેવા કરે રે, સુર નર કિંનર કોડ,
પ્રાતિહારજ આઠે અહનિશિ રે, કવણ કરે તુમ્હ હોડ-મોરૂં૦(૨)
ચ્યારે રૂપેંરે ચૌવિધ દેશના રે, દેતા ભવિજન કાજ,
માનું એ ચઉગતિના જન તારવા રે, છાજે જ્યું જલધર ગાજ-મોરૂં૦(૩)
તે ધન પ્રાણી રે જિણે તુમ દેશના રે, સમયે નિરખ્યું નૂર,
કર્ણકચોલેરે વાણીની સુધારે, પીધી જેણે ભરપૂર-મોરૂં૦(૪)
હું તો તરશું રે તુમચા ધ્યાનથી રે, અનોપમ એહ ઉપાય,
**ન્યાયસાગર** ગુણુ આગર સાહિબા રે, લળીલળી નમે નિતુ પાય-મોરૂં૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (મહાવિદેહ ખેત્ર સોહામણું-એ દેશી)

જગચિંતામણિ જગગુરૂ, જગત શરણ આધાર-લાલ રે,
અઢાર કોડાકોડી સાગરે, ધરમ ચલાવણહાર-લાલ રે-જગ૦(૧)
આસાઢ વદિ ચોથેં પ્રભુ, સ્વર્ગથી લિયે અવતાર-લાલ રે
ચૈતર વદિ આઠમ દિને, જનમ્યા જગદાધાર-લાલ રે-જગ૦(૨)
પાંચસેં ધનુષની દેહડી, સોવન વરણ શરીર-લાલ રે
ચૈતર વદિ આઠમેં લિયેં, સંજમ મહા-વડવીર-લાલ રે-જગ૦(૩)

ફાગુણ વદિ ઇગ્યારસેં, પામ્યા પંચમ નાણ-લાલ રે
મહા વદિ તેરસે શિવ વર્યા, જોગ નિરોધ કરી ઝાણ લાલ રે-જગ૦(૪)
ચોરાશી લાખ પૂર્વનું, જિનવર **ઉત્તમ** આય-લાલ રે
**પદ્મવિજય** કહે પ્રણમતાં, વહેલું શિવસુખ થાય લાલ રે-જગ૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

**(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી – એ દેશી)**

**ઋષભજિનેસર** વૃષભ-લંછન-ધરૂ, ઉંચા જે સાત રાજોજી,
નિરલંછન પદને પ્રભુ પામીયા, શિવપુરનો સામ્રાજયોજી-ઋ૦
અવ્યય અચલ અચિંત અનંત છે, અશરીરી અણાહારીજી,
અવિનાશી શાશ્વત- સુખનો ધણી, પર પરિણતિ નિવારીજી,
જ્ઞાન અનંત અનંત દરશનમયી, લોકાલોક-સ્વભાવોજી,
દેખે કર-આમળ પરે, પણ નહીં, રમતા જે પરભાવોજી-ઋ૦
નિજરૂપે રમણ કરતા સદા, સાદિ-અનંતહ ભાગોજી,
અવ્યાબાધ અજર અજ જે થયા, પુદ્ગલ ભાવ નિસંગોજી-ઋ૦
પુદ્ગલ-રહિતપણે સુખ ઉપનું, તે કિમ જીભે કહાયોજી,
વરણાદિક નહીં જાસ સ્વરૂપ છે, જોગાતીત જિનરાયોજી-ઋ૦
કર્તા : ભોક્તારે નિજ ગુણનો પ્રભુ, અવગાહી નિજ ખેતોજી,
અછે અનંતા નિજ ઠામે રહ્યા, ભીડ ન કોયને દેતોજી-ઋ૦
એ **જિનવર ઉત્તમ પદ-રૂપ** જે, **પદ્મને** અવલંબીજેજી,
તો પરભાવ કર્મ દૂરે કરી, ઠાકુર પદવી લીજેજી-ઋ૦

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિજી મ.

(અરજ અરજ સુણોને રૂડા રાજીયા હોજી-એ દેશી)

ઋષભ (૨) જિણંદ નિરખી લોયણે હોજી, અભિનવ ઉદયો આણંદ૦
જિનવર (૨) સુખકર સાહિબો હોજી, પરમેશ્વર મુનિચંદ-ઋ૦(૧)
અનોપમ (૨) રમણતા તાહરે હો, જ્ઞાનવિલાસી સમાજ
અવિચલ (૨) સ્થાનક પામીને હોજી, અનુભવ શિવપુર-રાજ-ઋ૦(૨)
અનેક (૨) સુગુણમય સુંદર હોજી, નિઃસંગી નિરાબાધ
આતમ (૨) અસંખ્ય પ્રદેશમાં હોજી, અક્ષયધર્મ અગાધ-ઋ૦(૪)
સ્વરૂપ (૨) સ્થાનથી એકતા હો જી, શુદ્ધતા અવધરૂપ
યોગ (૨) રહિત અકંપતા હો જી, અનેક ત્રિભંગી અનૂપ-ઋ૦(૪)
અશરણ (૨) શરણ હરણ ભવભય તણો હોયજી, અવિસંવાદિત મિત્ત૦
અતિશય (૨) ધારી ગુણ વળી હોજી, તત્ત્વ વિલાસી જગમિત્ત-ઋ૦(૫)
પ્રભુગુણ (૨) રંગી થઈ ચેતના હોજી, અવિલંબે જિનદેવ
કારણ (૨) કર્તા પણેં આરોપીને હોજી, વિઘટે અનાદિ કુહેવ-ઋ૦(૬)
ઇણવિધ (૨) પરખી સ્વામીને હોજી, આદરે શુભ પ્રણિધાન૦
**સૌભાગ્ય** (૨) **લક્ષ્મીસૂરિ** જિન થકી હોજી, પામે દર્શન ગુણજ્ઞાન-ઋ૦(૭)

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

મન-મોહન તું સાહિબો, મરૂદેવી માત મલ્હાર-લાલ રે
નાભિરાયા-કુલ ચંદલો, ભરતાદિક સુત સાર-લાલ રે-મન૦(૧)
યુગલાધર્મ નિવારણો, તું મોટો મહારાજ-લાલ રે
જગત-દારિદ્રય-ચૂરણો, સારો હવે મુજ કાજ-લાલ રે-મન૦(૨)
ઋષભ લંછન સોહામણો, તું જગનો આધાર-લાલ રે
ભવ-ભય-ભીતા પ્રાણીને, શિવ-સુખનો દાતાર-લાલ રે-મન૦(૩)
અનંત-ગુણ-મણિ-આગરૂ, તું પ્રભુ દીન દયાળ-લાલ રે
સેવક જનની વિનતિ, જન્મ-મરણ દુઃખ ટાળ-લાલ રે-મન૦(૪)
સુરતરૂ-ચિંતામણિ સમા, જે તુમ સેવે પાય-લાલ રે
ઋદ્ધિ અનંતિ તે લહે, વળી **કીર્તિ** અનંતી થાય-લાલ રે-મન૦(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

પ્રથમ જિણંદ મયા કરી, અવધારો અરદાસો રે
આપે પ્રસન્ન થઈ સદા, પૂરો વંછિત આશો રે-પ્ર૦(૧)
વિમલ કમલ મધુકર સહિ, પ્રાણજીવન પર મોહે રે
તિમ તું મુજ જીવન-જડી, પ્રાણ તણી પરે સોહે રે-પ્ર૦(૨)
આપ રૂખા[1] પણ સાહિબા, સેવકને સુખદાતા રે
લહેજો કમોજ કર્યા થકી, દિયો આપ સરીખી શાતા રે-પ્ર૦(૩)
તુમ્હ સંગતે મહિમા ધરે, નિર્ગુણ ગુણવંત થાવે રે
મલયાગિરી રૂખડાં, ચંદન ઉપમા પાવે રે-પ્ર૦(૪)
ભાગ્યદશા મ્હારી ફળી, જો દરિશણ દીઠો તાહરો રે
**વિમલ** નવે નિધિ આજથી, **દાન** દોલત નિત્ય માહરે રે-પ્ર૦(૫)

૧. લૂખા-વીતરાગ

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

સુંદર મૂરતિ સાહિબ સેવીયે, ઋષભજિણેસર રંગ - સુગુણ નર
પરતતં પરતા પૂરે મુજ પ્રભુ, દીઠે ઉલ્લટ અંગ - વાલેસર
સુંદર મૂરતિ સાહિબ સેવીયે-વાલે સુગુણ(૧)
અંતરજામી આદિ જિણેસરૂ, અવધારો અરદાસ-સુગુણ૦
નેહનજર કરી નિરખો દાસને, પૂરો મનતણી આશ-વાલે સુગુણ(૨)
ત્રિભુવન તારણ શિવસુખકારણ, દુઃખહર દીનદયાળ-સુગુણ૦
મહિર કરી નિજ સેવક મન રમો, કોકિલ જેમ રસાળ[1]-વાલે સુગુણ(૩)
આજ સવિ મનવંછિત મુજ ફળ્યાં, નાઠાં ભવદુઃખ દૂર - સુગુણ૦
આજ અમીમેહ વૂઠ્યો આંગણે, પ્રગટ્યો પુણ્ય-અંકુર - વાલે૦ સુંદર(૪)
આજથકી દિન વળીયો માહરો, ફળીયો ઘર સહકાર - સુગુણ૦
ભાવઠભંજણ ભેટ્યો જગધણી, મરૂદેવી-માત મલ્હાર -વાલે૦ સુંદર(૫)
બહુ ફળદાયક હોવે દિન દિને, તુજ સેવા સુરવેલ-સુગુણ૦
સીંચી જે પ્રભુ જો નિજ સેવકે, ભગતિ અમીરસરેલ - વાલે૦ સુંદર(૬)
સોળકળા સંપૂરણ ચંદ્રમા, સુંદર તુજ મુખ જોય-સુગુણ૦
અંગે આણંદ ઉપજે માહરે, ઠરીયાં લોચન દોય-વાલે૦ સુંદર(૭)
ઈક્ષ્વાગ વંશે વિમલ વિભૂષણ, વિમલાચલ તુજ વાસુ-સુગુણ૦
શિવસુંદરીશું પ્રભુ મુજ આપજો, અવિહડ સૌખ્ય-વિલાસ-વાલે૦ સુંદર(૮)
સકલ પંડિત સુંદર શિર સેહરો, **લાવણ્ય વિજય** ગુરૂરાય-સુગુણ૦
**પંડિત મેરૂવિજય** ગુરુ સેવક, **વિનીતવિજય** ગુણ ગાય-વાલે૦ સુંદર(૯)

---
૧. આંબો

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-દેવગંધાર)

તેરો દરસ ભલે ? પાયે, રિષભજી ? મેં તેરો દરસ૦
કાલ અનંતહિ ભટકત, પુણ્ય અનંતે મિલાયો-રિ૦(૧)
જિનપતિ નરપતિ મુનિપતિ પહેલો, ઐસો બિરૂદ ધરાયો
માનું તુંહી નમિ-મયા-અવતારી, જગત ઉધારન આયો-રિ૦(૨)
તેં પ્રભુ જગકી આદિ નિવારી, સબ વ્યવહાર સિખાયો
લિખન-શિલપ શત ગણિત બતાયો, તાતે જગે ચલાયો-રિ૦(૩)
યા જુગમેં તુમ નહી ઓરે, અવસર્પિણીએ કહાયો
અઢાર કોડાકોડિ સાગર અંતર, તેં પ્રભુ ધર્મ દિખાયો-રિ૦(૪)
લાખ પંચાસત કોડીસાગર લગ, સુખકર શાસન ઠાયો
તુજ રત્નાકર વંશ વિભૂષણ, એસો કોન સુનાયો-રિ૦(૫)
કરૂનાકર ઠાકુર તું મેરો, હું તુમ ચરને આયો
ધો પદસેવા **અમૃત** મેવા, ઇતને નવનિધ પાયો- રિ૦(૬)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(શ્રેયાંસ જિનવર વંદીયે રે લો-એ દેશી)

પ્રથમ જિનેશ્વર પૂજીયે રે લો, પૂજયે પાપ પલાય રે; રંગીલા૦
વૃષભ લંછન પદ શોભતું રે લો, કંચન વરણી કાય રે,
રંગીલા૦પ્રથમ૦(૧)

શુભવિનીતા નગરી-પતિ રે લો, નાભિ નૃપતિ જસ તાત રે; રંગીલા૦
પાંચસે કાર્મુક[૧] દેહનું રે લો, માન કહ્યું વિખ્યાત રે,
રંગીલા૦ પ્રથમ૦ (૨)

પાળ્યું પૂરણ આઉખું રે લો, પૂર્વ ચોરાશી લાખ રે; રંગીલા૦
ચતુર ચોરાશી ગણધરા રે લો, એહ સિદ્ધાંતની સાખ રે,
રંગીલા૦ પ્રથમ૦ (૩)

સોહે તીન લાખ સાધવી રે લો, સહસ ચોરાસી મુણિંદ રે; રંગીલા૦
ગોમુખ જક્ષ ચકેશ્વરી રે લો, જિનશાસન આણંદ રે,
રંગીલા૦ પ્રથમ૦ (૪)

વંશ ઈક્ષાગ વખાણીયે રે લો, મરૂદેવી જસ માય રે; રંગીલા૦
**ઋષભ** જિનેશ્વર સેવતાં રે લો, **પ્રમોદસાગર** સુખ થાય રે,
રંગીલા૦ પ્રથમ૦ (૫)

---

૧.ધનુષ

## કર્તા : શ્રી ભાણચંદજી મ.

પઢમ જિણેસર ! પ્રણત સુરેસર ! કેશર-સમ વળી દેહ,
એહ સમ સુખકર અવર કોઈ નહીં, મહિયલ ગુણમણિગેહ-
હો ! સ્વામી ! તુંહિ સદા સુખકાર !
તું જગજીવ આધાર - હો - સ્વામી૦।।૧।।
પાર સંસાર-સાગરતણો તે લહે, જે વહે શિર પ્રભુ આણ,
પાણપાટક[1] અન્ય દેવો તજી,
ભજી લ્યો ! ત્રિભુવનભાણ-હો સ્વામી-તુંહિ૦।।૨।।
જ્ઞાન પૂરણ તુજ રવિ સમ ઝલહલે, ખલહલે વચનપયોધિ,
બોધ લહિવા પીયે જે ભવિ શ્રુત-સુધા,
તે બુધા કરે નિજ શોધિ-હો સ્વામી-તુંહિ૦।।૩।।
યોધ જિમ મોહ રિપુ દૂર કરી તું જયો, થયો શિવસુંદરી-કંત,
અંત નહી જેને તેહવા સુખ લહ્યો,
મેં ગ્રહ્યો, તું ભગવંત-હો સ્વામી-તુંહિ૦।।૪।।
શાંત-સુધારસ-[2]અસરીસ સાગર જગત દિવાકર દેવ
સેવક **ભાણ** કહે મુનિ વાઘનો
ભવ ભવ તાહરી સેવ-હો સ્વામી-તુંહિ૦।।૫।।

---

૧. ચંડાળોનો મહોલ્લો ૨. અપૂર્વ

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

(રાયજી હમણે હિંદુવાણી રાજ કે રાજ ગરુશિયોરેલો)

પ્રભુજી ! આદીસર અલવેસર જિન અવધારિયે રે-લો,
પ્ર૦ સુ-નજર કરીને સેવક માન વધારીયે રે-લો।
પ્ર૦ તારક એહવો બિરૂદ તુમારો છે સહિ રે-લો,
પ્ર૦ તિણે મનમાંહી વસિયા ઓર ગમે નહીં રે-લો...।।૧।।
પ્ર૦ **મરૂદેવીના** નંદન મહેર કરીજીએ રે લો,
પ્ર૦ [૧]ઓળગિયા જાણીને સમકિત દીજીએ રે-લો ।
પ્ર૦ કરમ કસાઈ ભારી દૂર નિવારિયે રે-લો,
પ્ર૦ નિરમળ મુજને કરીને પાર ઉતારિયે રે-લો...।।૨।।
પ્ર૦ મનમંદિરિયે માહરે વહેલા આવજો રે-લો;
પ્ર૦ નિજ [૨]અનુચર જાણીને ધરમ બતાવજો રે-લો ।
પ્ર૦ ઈણ જગમાં ઉપગારી ભવિને તારણો રે-લો;
પ્ર૦ ધ્યેય સરૂપે તું છે ભવભય વારણો રે-લો૦..।।૩।।
પ્ર૦ અહનિશિ મુજને નામ તમારૂં સાંભરે રે-લો,
પ્ર૦ તિમ તિમ માહરો અંતર આતમ અતિ ઠરે રે-લો ।
પ્ર૦ બહુ ગુણનો તું દરિયો ભરિયો છે ઘણું રે-લો,
પ્ર૦ તેમાંથી શું દેતાં જાયે તુમતણું રે-લો...।।૪।।
પ્ર૦ તુમ [૩]પદકજની સેવા કલ્પતરૂ સમી રે-લો,
પ્ર૦ મુજને આપજો તેહ કહું પાયે નમી રે લો ।
પ્ર૦ **શ્રીઅખયચંદ સુરીશ** પસાય તે સાધશું રે લો,
પ્ર૦ દુશ્મન દૂર કરીને સુખથી વાધશું રે લો...।।૫।।

૧. સેવા કરનાર ૨. સેવક ૩. ચરણકમલની

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

**(મહાવિદેહ ક્ષેત્ર સોહામણું-એ દેશી)**

જગતગુરૂ ! જિન માહરો, જગદીપક જિનરાય-લાલ રે ।
શાંત સુધારસ ધ્યાનમાં, આતમ અનુભવ આય-લાલ રે-જ૦॥૧॥

[1]ચિત્ત પ્રસન્નતા દૃઢ થઈ, ક્રીડતી ખેલાખેલ; લાલ રે ।
તે દગ દગ તે જ્ઞાનથી, વધતી વેલકલ્લોલ-લાલ રે-જ૦॥૨॥

પરભાવિક પાંચે ભલા, અવર ન એકાએક,- લાલ રે ।
ખટદ્રવ્ય દ્રવ્યે કર્યા, દેખત શોભા દેખ-લાલ રે-જ૦॥૩॥

તે તુજ દરિસણ જાણીયે, આણીયે ચિત્ત આણંદ-લાલ રે ।
વિહસિત-વદનકમળ મુદા, જિમ સુરતરૂ સુખકંદ-લાલ રે -જ૦॥૪॥

ઈમ ગુણ જિનજી ! તાહરા, માહરા ચિત્તમાં આય,-લાલ રે ।
**નવલવિજય** જિન ધ્યાનથી, **ચતુર** આનંદપદ પાય-લાલ રે -જ૦॥૫॥

---

૧. અત્યંત ચંચળપણે રમતી તેવી વિશિષ્ટ જે આંખ કે જે આંખ ભરતીના મોજાની જેમ વધતી રહેલ જ્ઞાનથી શોભે છે – તે આંખથી ચિત્તની પ્રસન્નતા દૃઢ થઈ (બીજી ગાથાનો અર્થ).

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (નીંદરડી વેરણ થઈ-એ દેશી)

ઋષભ-જિણંદ શું પ્રીતડી, કિમ કીજે હો ! કહો ચતુર વિચાર ।
પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં[1] કિણ નવિ હો કે વચન ઉચ્ચાર-ઋ૦॥૧॥

કાગળ પણ પહુંચે નહિ, નવિ પહુંચે હો ! તિહાં કો પરધાન[2] ।
જે પહુંચે તે તુમ સમો, નવિ ભાખે હો ! કોઈનું વ્યવધાન-ઋ૦॥૨॥

પ્રીત કરે તે રાગિયા, જિનવરજી હો ! તુમે તો વીતરાગ !
પ્રીતડી જેહ અ-રાગીથી, ભેળવવી હો ! લોકોત્તર માગ[3]-ઋ૦॥૩॥

પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો ! કરવા મુજ ભાવ ।
કરવી નિરવિષ પ્રીતડી, કિણ ભાંતે હો ! કહો બને બનાવ ! ઋ૦॥૪॥

પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો ! તે જોડે એહ ।
પરમ-પુરૂષથી રાગતા, એકત્વતા હો ! દાખી ગુણ ગેહ-ઋ૦॥૫॥

પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો ! પ્રગટે ગુણરાશ ।
**દેવચંદ્રની** સેવના, આપે મુજ હો ! અવિચળ સુખવાસ-ઋ૦॥૬॥

---

૧. તે સ્થાને ૨. દૂત ૩. રસ્તો

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (દેશી-ગોડીની)

મોહ્યો મન[1] મધુકર ગુણ ફૂલ સાહેબજી ? ઉડાયો ઉડે નહિંજી ।
પ્રભુ મૂરતિ અતિહી અમૂલ-સા૦, નયણ ઠરે દીઠો સહિજી ॥૧॥

મળવા મનમેં મોરી છે આશ સા૦ પણ કર્મ અશુભ દીસે ઘણાંજી ।
[2]વિસવાવીસ અછે વિશ્વાસ-સા૦ તુજથી તાપ જાશે ચેતન તણાજી ॥૨।

કોઈ પૂર્વ ભવાંતર નેહ-સા૦ આવી બન્યો રે તુમથી ઘણોજી ।
તિણે દાખો રખે ! પ્રભુ [3]છેહ-સા૦ હાજર [4]બંદો હું છું જિન તણોજી ॥૩॥

જાણો વલી [5]વેલા જો મુઝ,-સા૦ તો ઢીલ ઘડી કરતા રખેજી !
વાલ્લા ! વાત કહી જે મેં ગુઝ-સા૦ હેત ધરી હિયડે [6]લખેજી ॥૪॥

તું તો [7]નાજુક નાભિનો નંદ-સા૦ આદિકરણ આદીસરૂજી !
એ તો મરૂદેવી સુત સુખકંદ-સા૦ **જીવણવિજય**ને જયકરૂજી ॥૫॥

---

૧. ભ્રમર ૨. સંપૂર્ણ ૩. વિયોગ ૪. સેવક ૫. પરિસ્થિતિ ૬. વિચારજો ૭. કોમલ-લાડીલા.

## કર્તા : શ્રી દીનવિજયજી મ.

### (એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ)

મંગલવેલી વધારવા રે લાલ, જે જિનવર [1]જલધાર-બલિહારી રે ।
મુજને તે ભાગ્યે મળ્યો રે લાલ, આદીશ્વર આધાર-બલિહારી રે-
એ ત્રિભુવન-જન-તારણો રે-લાલ, જગ-બંધવ જિનરાય
-બલિ૦ એ૦ ॥૧॥

[2]ભાણ આજ ઉગ્યો ભલો રે-લાલ,
સફળ થયું [3]સુ-વિહાણ-બલિહારી રે।
આજ દિવસ વળ્યો આપણો રે-લાલ, ભેટ્યો ત્રિભુવન-ભાણ
- બલિ૦ એ૦ ॥૨॥

આજ સહી મુજ આંગણે રે-લાલ,
સફલ ફળ્યો સહકાર-બલિહારી રે।
મુંહ-માગ્યા પાસા ઢળ્યા રે-લાલ, જગ વરત્યો જયકાર
-બલિ૦ એ ૦ ॥૩॥

વૂઠો ઘરે [4]વારુ-પરે રે - લાલ, મોતિયડાનો મેહ-બલિહારી રે ।
ચિંતામણિ હાથે ચડયું રે-લાલ, ગંગા આવી ગેહ
-બલિ૦ એ૦ ॥૪॥

આજ ઉદધિ જિમ ઉલટ્યો રે-લાલ, હૈડે હર્ષ-પ્રવાહ-બલિહારી રે ।
**દીનવિજય** પ્રભુ દેખતાં રે લાલ, દૂર ગયો [5] દુઃખદાહ
-બલિ૦ એ૦ ॥૫॥

---

૧. મેઘ ૨. સૂર્ય ૩. સારૂં પ્રભાત ૪. સારી રીતે ૫. દુઃખનો તાપ

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

(શ્રી સુપાસ જિનરાજ — એ દેશી)

શ્રી જિન જગ-આધાર, મરૂદેવી-માત-મલ્હાર[1],
આજ હો ! સ્વામી રે, ઋષભ-જિનેશ્વર સેવીયેજી...।।૧।।

શત્રુંજય-ગિરિ-છત્ર, નાભિ-નરેસર-પુત્ર,
આજ હો ! જીપે રે જગદીસર તેજે[2] ભાણનેજી[3]...।।૨।।

આયો હું પ્રભુ-પાસ, સેવક દ્યો શાબાશ,
આજ હો આશા રે, સાહિબ વિણ કેહની દાસનેજી ? ।।૩।।

મન માને અરદાસ, માને મોટિમ જાસ,
આજ હો તોહે રે, મન મોહે નયન [4] પસાઉલેજી ।।૪।।

નામ ધરી જે નાથ, લે સહુનાં દિલ હાથ,
આજ હો નેહી રે, સ્થિતિ એહી મોટા **મેઘનીજી** ।।૫।।

૧. પુત્ર ૨. પોતાની કાંતિથી ૩. સૂર્યને ૪. પ્રસન્ન થાય છે.

## કર્તા : કેશર વિમલજી મ.

(લાડીલો લાખેણી લાડી વખાણો આયો – એ દેશી)

સહિયાં **ઋષભ-જિણંદ** શું મન લાગ્યું, [1]ચોલ તણી પરે રંગ લાગે હે !
મોરૂં મન [2]રાતું એ પ્રભુ-રાગે, જેહવું [3]હીર [4]કીરમજી રાગે હે !
રાત-દિવસ જે પ્રભુ-મુખ-આગે, મીન જ્યું રમે નીર અથાગે હે,
-સહી૦ ॥૧॥

મેહે મોરા ચંદ ચકોરા, જિમ કોયલ વલી સહકારા હે !
તિમ પ્રગટે બહુ નેહા મેરી; એહ મૂરતિશું અધિકેરા હે–સહી૦॥૨॥

શોભા દેખી પ્રભુ-મુખ-કેરી, આંખલડી ઉલ્લસે અધિકેરી હે !
જાણું જે કીજે સેવા ભલેરી, ટાળે દૂર ભવની ફેરી હે -સહી૦ ॥૩॥

મોહન મૂરતિ મોહનગારી, એ સમ નહિં જગ ઉપગારી હે !
એહી જ સાચી કામણગારી, જિણે વશ કરી મુગતિ ઠગારી હે -સહી૦ ॥૪॥

જિમ-જિમ દેખું નયણ નિહારી, તિમ મુજ મન લાગે પ્યારી હે !
એક મૂરતિ દેખી મનોહારી, દરિસણની જાઉં બલિહારી હે -સહી ૦॥૫॥

**નાભિ**-નરેસર-કુલ-અવતારી, મરૂદેવી માતા જેણે તારી હે !
સુનંદા-સુમંગલા વરી જેણે નારી, યુગલા-ધર્મનિવારી હે - સહી૦ ॥૬॥

રાજયની રીતિ જેણે વિસ્તારી, નિરમલ વર-કેવલધારી હે !
**શેત્રુંજા**-ગિરિવર પ્રભુ પાઉં ધારી, મહિમા અનંત વધારી હે-સહી૦ ॥૭॥

**ઋષભ-જિનેસર**-મૂરતિ સારી, શેત્રુંજા-ગિરિવર શોભાકારી હે !
**કેશર-વિમલ** કહે જે નરનારી, પ્રણમે તે જગ જયકારી હે-સહી૦ ॥૮॥

---

૧. વાટેલી મજીઠ ૨. રાગવાળું ૩, રેશમ ૪, પાકાં.

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (કુંઅરજીની દેશી)

અરજ સુણો મુઝ સાહિબા !, [1]અલવેસર અરિહંત-રિખભજી ।
મુઝ મનડું મોહી રહ્યું, [2]દરસણ તુમ્હ દેખત-રિખભજી–
અરજ સુણો મુઝ સાહિબા. ॥૧॥

ખિણ પણિ રાખ્યું નવિ રહઈ, ખેંચ્યું નવિ ખેંચાય-રિખભજી ।
કમલઈ [3]મધુકરની પરઈ, અધિક રહ્યું લલચાય-રિખભજી –
અરજ સુણો૦ ॥૨॥

[4]સુખહેલી પામી કરી, નહિ [5]કારેલી ચાહ-રિખભજી ।
સુરતરૂ છાયા છાંડી નઈ, કિમ હુઈઆ [6]કિં [7]ઊમાહ-રિખભજી
અરજ સુણો૦ ॥૩॥

દેવ અવર દીસઈ ઘણા, નહિ કોઈ આવઈ દાય-રિખભજી ।
[8]જાચો હીરો કર ચઢઈ, કાંકર કેમ લેવાઈ !-રિખભજી-
અરજ સુણો૦ ॥૪॥

ઈમ જાણી સેવક તણો, ભાવ ભગતિ ભરપૂર-રિખભજી ।
**કનકવિજય** વ્હાલેસરૂ, રાખો ચરણ હજુર-રિખભજી -
અરજ સુણો૦ ॥૫॥

---

૧. સર્વશ્રેષ્ઠ ૨. નેત્ર = આંખ ૩. ભમરો ૪. સુખની ભરપૂર સ્થિતિ ૫. અશુભ સ્થિતિ ૬. કર્યા ૭. ઉમંગવાળા ૮. સાચો.

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

(આબુના ગઢ ઉપરે એ દેશી)

**મરૂદેવી**-સુત સુંદરૂ, હાં રે ! કાયા કંચન-વાન રે-આદેસર વાલ્હો વંદિઈ ।
વંછિત-પૂરણ સુરતરૂ, હાં રે ! પ્રભુજી પરમ-નિધાન રે-આદે૦॥૧॥
જે ગિરૂઆ [1]ગુણ-આગલા, હાં રે ! મોટા મહીયલ માંહિં રે-આદે૦ ।
ભવ-સાયર ભમતાં થકાં, હાં રે ! ઉતારે ધરી બાંહ રે-આદે૦ ॥૨॥
અંતરયામી તું માહરો, હાં રે ! અંતર રાખો કાંય રે- આદે૦
પ્રભુજી ! તુમ્હ દીઠા વિનાં, હાં રે ! [2]વાસર વરસ વિહાય રે-આદે૦ ॥૩॥
કોમલ દિલ કરી પૂરીઇં, હાં રે ! [3]આસંગાયત આશ રે-આદે૦ !
અવગુણ ગુણ કરી લેખવો, હાં રે ! આપો ચરણે વાસ રે-આદે૦ ॥૪॥
કામણ કીધું તેં કીસું હાં રે ! અહ-નિશિ દિલ તુઝ પાસ રે-આદે૦ ।
**રૂચિર** પ્રભુજી પય સેવતાં, હાં રે ! સફલ ફલી મુઝ આશ રે-આદે૦ ॥૫॥

---

૧. ગુણથી શ્રેષ્ઠ ૨. દિવસ ૩. સ્નેહવાળો

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

(વિનય કરીજે બાઈ વિનય કરીજે - એ દેશી)

**આદિજિણેસર** કેસર ચરચિત કાયા,
મરૂદેવી જાયા-પ્રભુજી ! [1]મો મન ભાયા ।
પ્રભુજી ! દરસન દીજે, નેહ ધરીને સેવક [2]સાર કરીજે - પ્રભુજી૦
બાંહ ગ્રહ્યાંની આખર લાજ વહીજે-પ્રભુજી૦॥૧॥
કંચન કાયા, જન-મન મોહન માયા ।
પ્રભુ-પય-પંકજ, મો મન ભમર લોભાયા-પ્રભુજી૦॥૨॥
અવર ન સેવું આ ભવમાં એણી કાયા,
પ્રભુજી પરમેસર પૂરે પુણ્યે મેં પાયા-પ્રભુજી૦
સમરથ સાહિબ સાચા [3]સેંણ સવાયા,
આશ પૂરજ્યો માહરી શ્રી જિનરાયા –પ્રભુજી૦॥૩॥
છપ્પન્ન કુંમરી, ભમરી દે હુલરાયા ।
સકલ સુરાસુર, **કિંન્નર** જિન-ગુણ ગાયા-પ્રભુજી૦॥૪॥
નાભિ-નરેસર, નંદન શું લય લાયા ।
**રૂચિરવિમલ**, પ્રભુજી, શિવ-સુખદાયા-પ્રભુજી૦ ॥૫॥

---

૧. મારા ૨. સંભાળ ૩. સહાયક

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિજી મ.

### (પંથીડા સંદેશો પૂજ્યજી નઈ વિનવે રે — એ દેશી)

આદિ જિણેસર ! દાસની વિનતી રે, મુઝ ચિત્ત-આંગણીઇં પધાર રે !
ચરણ-કમલની [૧]આલો ! ચાકરી રે, જીવન કર સફલો અવતાર રે
- આદિ ।।૧।।

હાથ ન [૨]સાહ્યા આવઇ હાથીયા રે, પણિ તુહ્મશ્યું મ્હારઇ સુખ પ્રીતિ રે ।
જો આવો તો મુઝ મોટો કરો રે, [૩]દાબઇ દુશમન પામું જીત રે
-આદિ૦ ।।૨।।

મનઇં નાણા સેવક ધરિ દુબલો રે, તુમ નામઇં મુઝ ઋદ્ધિ અ-પાર રે ।
સાહિબ પણિ ભૂખ્યા આદર તણા રે, આવ્યાં ઉપજઇ પરમ [૪]કરાર રે
-આદિ૦ ।।૩।।

મન [૫]નાહનું છાનું નહી રહે રે, જાણસ્યે આવ્યા મ્હારા સ્વામિ રે ।
આદર-દઇનઇં હું આપશ્યું રે, ભક્તિ સોપારી-પાન પણામ રે
-આદિ૦ ।।૪।।

આ શી વાત ? [૬]ધણી મહારઇ ધરઇ રે, આવ્યા **મરૂદેવીના** નંદ રે ।
શ્રી **ભાવપ્રભસૂરિ** સુખ ઉપજઇ રે, દેખી **આદીસર-મુખ-ચંદ** રે
- આદિ૦ ।।૫।।

---

૧. આપો ૨. પકડ્યા ૩. દબાવવાથી ૪. સંતોષ ૫. નાનું ૬. માલીક

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

(મહાવિદિહ ખેત્ર સોહામણું - એ દેશી)

મનમોહન ! તું સાહિબો, મરૂદેવી-માત મલ્હાર-લાલ રે ।
નાભિરાયા-કુલ-ચંદલો, ભરતાદિક સુત [1]સાર-લાલ રે-
-મનમોહન તું સાહિબો ॥૧॥

જુગલા-ધરમ-નિવારણો, તું મોટો મહારાજ-લાલ રે ।
જગત-દાલિદ્ર-ચૂરણો, [2]સારિ હવિં મુજ કાજ-લાલ રે
-મન૦ ॥૨॥

વૃષભ લંછન સોહામણો, તું જગનો આધાર-લાલ રે ।
ભવભય-ભીતા પ્રાણિનઇ, શિવ-સુખનો દાતાર-લાલ રે
-મન ૦ ॥૩॥

અનંત-ગુણ-મણિ-આગરુ, તું પ્રભુ ! દીન દયાલ-લાલ રે ।
સેવક-જનની વિનતિ, જનમ-મરણ-દુઃખ ટાલિ-લાલ રે
-મન૦ ॥૪॥

સુરતરૂ-ચિંતામણિ સમો, જે તુમ સેવઇં પાય-લાલ રે ।
ઋદ્ધિ અનંતી તે લહે, વલી કીરતિ અનંતી થાઈ-લાલ રે.
-મન૦ ॥૫॥

---

૧. શ્રેષ્ઠ ૨. કરી દો

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(સિદ્ધચક્ર વર સેવા કીજે, નર-ભવ-લાહો લીજીએ-એ દેશી)

ઋષભ-જિનેસર વંછિત-પૂરણ,[૧]પૂરણ જાણું વિશવા વીશ ।
ઉપગારી અવનિતલે મોટા, જેહની [૨]ચડતી જગીશ-જગગુરૂ પ્યારો રે ।
પુણ્ય થકી મેં દીઠો ! મોહનગારો રે
સરસ સુધાથી મીઠો-જગ૦॥૧॥

નાભિ-નંદન નજરે નિરખ્યો, પરખ્યો પૂરણ-ભાગ્યે ।
નિર્વિકારી મુદ્રા જેહની, દીઠે અનુભવ જાગે-જગ૦॥૨॥

આતમ-સુખ ગ્રહવાનું કારણ, દર્શન જ્ઞાન ચારિત્ર ।
[૩]તેને ભય વલી મિથ્યા અજ્ઞાન, અવિરતિ જેહ વિચિત્ર-જગ૦॥૩॥

સકલ જીવ છે સુખના કામી, તે સુખ અક્ષય મોક્ષ ।
કર્મ-જનિત સુખ તે દુઃખ રૂપ,સુખ તે આતમ ઝાંખ-જગ૦॥૪॥

નિરૂપાધિક અક્ષય-પદ કેવલ, અ-વ્યાબાધ તે થાવે ।
પૂરણાનંદ-દશાને પામે, રૂપાતીત-સ્વભાવે-જગ૦॥૫॥

અંતરજામી સ્વામી મારો, ધ્યાન-રૂચિમાં લાવે ।
**જિન-ઉત્તમ** પદને અવલંબી, **રતનવિજય** ગુણ ગાવે-જગ૦ ॥૬॥

---

૧. સંપૂર્ણ રીતે = ખરેખર. ૨. બોલાબાલા ૩. દર્શનાદિ ત્રણને

## કર્તા : શ્રી માણેકમુનિજી મ.

### (માનીતી કાગળ મોકલે-એ દેશી)

પ્રથમ-જિનેસર પ્રાહુણા-જગવાહલા વારુ,
આવો અમ મન-ગેહ-મન મોહનગારુ ।
ભગતિ કરું ભલી ભાંતિસ્યું-જગ૦
સાહિબજી સ-સનેહરે - મન૦
-મોહી રહ્યો મનડો દેખવા હો રાજ ॥૧॥
આંખડીમાં [૧]અલજો ઘણો-જગ૦
દેખણ તુમ્હ [૨]દીદાર રે-મન૦
ઘડી ઘડી નિત સાંભળો-જગ૦
સાસોસાસમાં સો વાર રે-મન૦ મોહી૦ ॥૨॥
મુરતિ મોહનવેલડી-જગ૦ સોહઈ અધિક સ-નૂરરે-મન૦ !
ભવિજન વંછિત પૂરવા-જગ૦,
કલ્પતરૂ અંકુર રે-મન૦ મોહી૦ ॥૩॥
ટેક ધરી એકતારસ્યું-જગ૦, કરતાં તુમ્હશું પ્રીત રે-મન૦ ।
નિર્મલ હોવઈ આતમા-જગ૦,
લહિઇ સુયશ સુ-રીત રે-મન૦ મોહી૦ ॥૪॥
પરમ-પુરૂષ પરમેસરૂ રે- જગ૦
જગ-બંધવ જગનાથ રે-મન૦ ।
કહે **માણિક** કર જોડીને-જગ૦
જય જય જિન શિવ-સાથ રે-મન૦ મોહી૦ ॥૫॥

---
૧. ઉત્સુકતા ૨. દર્શન

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

**(લીલાવંત કુંમર ભલો-એ દેશી)**

શ્રી વજ્રનાભ મુનિ ભલો, સરવારથ સિદ્ધ અમંદ-મુણિંદ ।

સુર-સુખ ભોગવી ઉપનો, વિનીતામેં પ્રથમ નરિંદરે-મુણિંદ

ઋષભદેવ પ્રભુ જગ-તિલો...॥૧॥

ઉત્તરાષાઢાઇં જનમીયા, ધનરાશિ જગદાનંદરે-મુ૦ ।

નકુલ જોનિ માનવગણ, મહી મંડલમેં સુખકંદરે-મુ૦...॥૨॥

દશ શત વર્ષ મુનિવ્રત, વિરમી ઘન-કર્મના વૃંદરે-મુ૦ ।

વડતરુ હેઠલ પામૌયા, વર કેવલજ્ઞાન-દિણંદરે-મુ૦ ઋ૦...॥૩॥

ઘન-ઘાતી-કર્મને ખેરવી, દસ સહસ સંગે મુનિ ચંદરે-મુ૦ ।

સાદિ-અનંત પદને વર્યા, ટાલી સવિ ભવના ફંદરે-મું૦ઋ૦॥૪॥

અઢાર કોડાકોડી સાગરે, પ્રકાશક ધર્મ-જિણંદ-મુ૦ ।

**દીપ** કહે ભવિ પૂજઇં, સુખદાઈ પદ-અરવિંદરે-મુ૦ ઋ૦॥૫॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

### (પ્રભુ પ્રણમું રે-ઢાળ)

જિન પહિલઉ રે આદિ જિણિંદ વખાણિયઇ, સરવાર્થ રે (૧)
નયરી વિનીતા જાણીયઇ (૨)।
મરૂદેવા રે (૩) નાભિ [૧]ઘરણી માતા (૪)
ભલી, ધણુ રાશિ રે (૫) ઉત્તરખાઢા [૨]રિખ વલી (૬) ॥૬॥
વલી કાય ધણુ સઇ પંચ (૭) ચુલસી લખ પુવ્વહં આઉય (૮)।
દસ આઠ કોડાકોડી અયરે ધમ્મ મગ્ગુ પવત્તિય (૯)।
[૩]સાકેત દીક્ષા (૧૦) છઠ તપ કરી (૧૧)
ઘરિ સેયંસહ પારણઉ (૧૨) પુરિ પુરિમતાલઇ નાણ પામ્યું,
(૧૩) [૪]ચેઈ તરૂવર વડ ભડચઉ (૧૪) ॥૭॥
ચઉરાશી રે ગણહર પ્રભુને ભાખિયા (૧૫)
તિમ ચુલસી રે સહસ સાધુ સવિ દાખિયા (૧૬)
વર સાહુણી રે, તિગ લખ (૧૭) સાવય સુહ કરા।
તિગ લખારે સહસ પંચહિય વ્રતધરા (૧૮) ॥૮॥
વ્રતધારી સાવિય સહસ ચઉપન લખપંચ સુહામણી,
(૧૮) ચક્કેસરી સુરી (૨૦) જખ ગોમુહ કરઇ સેવા જિનતણી (૨૧)।
સોવન્ન-વન્ન-પસવન્ન કાયા (૨૨) વસહ લંછણ ગુણ ભરી (૨૩)
અષ્ટાપદઇ પ્રભુ મુગતિ પહૂતા (૨૪) અડ કરમનઉ ખય કરી ॥૯॥

---

૧. પત્ની ૨. જન્મનક્ષત્ર ૩. અયોધ્યા ૪. કેવળ જ્ઞાન વૃક્ષ ૫. જેવી.

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

(બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ કરો છો-એ દેશી)

ઋષભ-જિણેસર દરિસણ દીજે, મુઝ પર કરૂણા કીજે ।
સેવકને મન વંછિત હેજે અ-જર અ-મર પદ દીજે-
-વંછિત પૂરો રે સાહિબજી ! સેવકનો. ॥૧॥

તુઝ મુખ દરિસણ મુઝ મન હરખ્યો, મુઝનેં પ્રભુજી મલીઓ ।
શિવ-સુખ-વંછા-પૂરણ માનો, અંગણ સુરતરૂ ફલિઓ-વંછિત૦ ॥૨॥
આદિ-પુરૂષ શ્રીઆદિ-જિણેસર, યુગલા-ધર્મ નિવારી ।
ત્રિભુવન માંહેં જિનજી સરખો, નહિ કોઈ ઉપગારી-વંછિત૦ ॥૩॥
વિનીતા નગરી શોભે રૂડી, કુલકર નાભિ બિરાજેં ।
રાણી મરૂદેવી કૂખેથી, જનમ પ્રભુજીનો છાજે-વંછિત૦ ॥૪॥
યૌવન-વય સમરથ ગુણ-સંપદ, પ્રથમ રાય કહાયા ।
દાન સંવચ્છરી દેઈ જનને, સંજમ લીએ સુખદાયા-વંછિત૦ ॥૫॥
લાખ ચોરાશી પૂરવ આયુ, પાલી સિધાવ્યા મુગતેં ।
કેવલ-કમલા-લીલ-વિલાસી, **સ્વરૂપચંદ્ર**-સુખ યુગતે-વંછિત૦ ॥૬॥

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.

### (રાગ-રામકલી)

તુમ દરિસણ ભલે ! પાયો ! પ્રથમજિન ! તુમ૦ ।।
નાભિ-નરેસર-નંદન નિરૂપમ, માતા મરૂદેવી-જાયો-પ્રભુ૦।।૧।।
આજ અમીયરસ જલધર ઘર વૂઠ્યો, માનું ગંગા-જલ નાહ્યો।
સુરતરૂ-સુરમણી-પ્રમુખ અનોપમ, તે સવિ આજ મેં પાયો-પ્રભુ૦।।૨।।
જુગલા-ધર્મ-નિવારણ ! તારણ, જગ[૧]-જન મંડપ-વાહ્યો ।
પ્રભુ ! તુજ શાસન-વાસન-શકતે, અંતર વૈરી હરાયો-પ્રભુ૦ ।।૩।।
કુગુરૂ-કુદેવ-કુધર્મ-કુવાસન, કાલ અનંત વહાયો ।
મેં પ્રભુ ! આજથી નિશ્ચય કીનો, સો મિથ્યાત ગમાયો-પ્રભુ૦ ।।૪।।
બેર-બેર વિનતી કરૂં ઈતની, તુમ સેવા-રસ પાયો ।
**જ્ઞાનવિમલ-પ્રભુ** સાહિબ સુ-નજરે, સમકિત પૂરણ સવાયો-પ્રભુ૦ ।।૫।।

૧. જગતના જીવો માટે મંડપ તુલ્ય

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

### (રાગ-દેવ ગંધાર)

અબ મોહીગે તારો દીનદયાલ । સબહી મતમેં દેખ-[૧]જિત તિત[૨]
તુમહિ નામ રસાલ-અબ૦ ।।૧।।
આદિ-અનાદિ પુરૂષ હો ! તુમહી, તુમહી વિષ્ણુ ગોપાલ ।
શિવ બ્રહ્મા તુમહીમેં સરજે, ભાંજી ગયો ભ્રમ-જાલ-અબ૦ ।।૨।।
[૩]મોહ-વિકલ ભૂલ્યો ભવમાંહી, ફિર્યો અનંતો કાલ ।
**ગુણવિલાસ** શ્રી ઋષભ-જિનેસર ! મેરો કરો પ્રતિપાલ-અબ૦ ।।૩।।

૧. જેટલા ૨. તેટલા ૩. મોહથી પીડિત

વિમલ નયરી વિનીતા વર વંદીયે, ઇંદ્રપુરી-અનુહારી।
નાભિનરેશ નરપતિ [2]નીકો, જિનપદ જન જયકારી. ॥૧॥
[3]મો મન મોહ્યો રે લાલ, પ્રભુ ! પ્રભુતાથેં લટકે !
આદીશ્વર અનુભવનો રસીયો,વલ્લભ મનડેં વસીયો-મો મન૦॥૨॥
[4]વિબુધ-ભુવન સુખ વિલસીનેં વરદ, આઇ-જિણંદ અવતરીયા।
ઇંદ્ર આદેશ થકી સુર ધનદે[5], રયણ [6]નિકેતન ભરીયા-મો મન૦॥૩॥
પ્રથમ વૃષભ સુપનો પેખીનેં, હૃદય નૃપતિ નિરધારી।
ધરમ-ધરાદિક કારય ધરસ્યેં, ઋષભ-કુંઅર સુખકારી-મો મન૦॥૪॥
જગનાયક યૌવન વય જાણી, સુનંદા-સુમંગલા રાણી।
[7]વ્યાહ [8]મઘવા કરી જિનવર વરીયા, સુખ વિલસે ગુણ-ખાણી-મો મન૦ ॥૫॥
દેવ લોકાંતિક અવસર દેખી, જઈ જિનવર વિનવીયા।
ધર્મધોરી કરૂણારસ-સાગર, તારક [9]તરી જિન ભવિયાં-મો મન૦॥૬॥
પઢમ-જિણેસર પઢમ-નરેસર, પઢમ-સ્થિતિકારી।
પઢમ-તીરથપતિ પઢમ-[10]મથનરતિ, પઢમ વ્રતી વ્રતધારી-મો મન૦॥૭॥
વરસીદાન દેઇ જિન લીની, નિરૂપમ સંયમ-નારી।
મુનિ-મારગ તારક મન સુધેં, કરમ હરન ભય વારી-મો મન૦॥૮॥
પરમ-શુકલ શુભ ધ્યાનથી પ્રભુજી, પામ્યા કેવલ કમલા।
અમરપતિ આદરશું ઓલગે, વિબુધ વદે ગુણ વિમલા-મો મન૦॥૯॥
અપૂર્વ ચોરાસી લખ પૂરવ આયુ, પાલી પહોતા મુગતે।
જન જાણે જિનવર જિન-તાને, તો જિન પદ જિન ગુણ ભગતે-મો મન૦ ॥૧૦॥
પોરબિંદર સંઘ-સુખકરૂં સોહે, ગુરુભક્તિ કરેં ભલ ભાવે।
સંવત અઢાર સીધી શ્રાવણ માસેં, ગણિ **જગજીવન** ગુણ ગાવેં-મો મન ॥૧૧॥

૧. અનુસરતી = જેવી ૨. સુંદર ૩. મારા ૪. દેવોનું ભવન = સ્વર્ગ ૫. કુબેરે ૬. ઘર ૭. વિવાહ ૮. ઇંદ્ર ૯. નાવ ૧૦. રતિ = વિષમ વાસનાના મથન=દૂર કરનારા.

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ — વેલાવલ)

રે જીવ ! મોહ મિથ્યાતમેં, કયું મુંઝ્યો ? અજ્ઞાની !
પ્રથમ-જિણંદ ભજે ન કયું, શિવ-સુખકો દાની-રે૦ ।।૧।।
ઓર દેવ સેવે કહા, વિષયી કે માની ।
તરી ન શકે તારે કહા દુરગતિ-નિશાની-રે૦ ।।૨।।
તારણ તરણ જહાજ હૈ, પ્રભુ ! મેરો જાની ।
કહે **જિનહર્ષ** સુતારીયે, ભવ-સિંધુ સુજ્ઞાની-રે૦ ।।૩।।

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

### (રાગ-રામકલી)

ઋષભદેવ હિતકારી જગતગુરુ ! ઋષભદેવ હિતકારી !
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર,પ્રથમ યતિ બ્રહ્મચારી-જગત૦ ।।૧।।
વરસીદાન દેઇ તુમ જગમેં, [1]ઇલતિ ઈતિ નિવારી ।
તૈસી કાહી કરતું ! નાહી કરૂના, સાહિબ ! બેર હમારી-જગત૦ ।।૨।।
માંગત નહીં હમ હાથી-ઘોરે, ધન[2]-કણ-કંચન નારી ।
દિઓ મોહિ ચરન-કમલકી સેવા, યાહિ લગત મોહે પ્યારી-જગત૦ ।।૩।।
ભવલીલા-વાસિત સુર ડારે, તુમ પર સબહી ઉવારી ।
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિર ધારી-જગત૦ ।।૪।।
એસો સાહિબ નહિ કોઉ જગમેં, યાસું હોય [3] દિલદારી ।
દિલ હી દલાલ પ્રેમકે બીચે, તિહાં હક ખેંચે ગમારી-જગત૦ ।।૫।।
તુમ હી સાહિબ મૈં હૂં [4] બંદા, યા મત દિઓ વિસારી ।
શ્રી **નયવિજય** વિબુધ સેવક કે, તુમ હો પરમ ઉપકારી-જગત૦ ।।૬।।

૧. ઉપદ્રવ ૨. અનાજ ૩. મનમેળ ૪. સેવક

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

(રામ કહો રહેમાન કહો - એ દેશી)

'તારન તરન' કહાવત હો, જ્યું આપ તરે હમહીકો તારો ।
આદિનાથ પ્રભુ તુમ્હારી કીરતિ, તાહીકો તુમ અર્થ બિચારો ॥૧॥
પહેલે તારક આપ કહાવત, તાકે પીછે તરહ ઉવારો ।
સો તુમ આપ તરે પહેલહી, [૧]અજહુતો પ્રભુ ! મોહે ન સંભારો૦ ॥૨॥
'દીનદયાલ' ઉચિત યુંહીથી, દીન સહિત શિવ માંહી સિદ્ધારો ।
ઉચિત કહા ! તુમ બઈઠે શિવમેં, હમ જગમાંહી કરત પુકારો૦ ॥૩॥
તુમ તો 'જગ નાયક' 'શિવ લાયક', દેખો કોઉ દિન ગવારો ।
પહેલે પાર કરો ગરીબનકું, આપ હુતે સબ પીછે પારો૦ ॥૪॥
જો કીની સો [૨]આછી કીની, અબ મોરી બિનતી અવધારો ।
ચરન ગ્રહી તુમહી તારોગે, સેવક જશ લહ્યો શરન તુમારો૦ ॥૫॥

---

૧. હજી સુધી ૨. સારી

## કર્તા : શ્રી જ્ઞાનવિમલજી મ.

તું ત્રિભુવન-સુખકાર-ઋષભજિન ! તું ત્રિભુવન૦ ॥
શત્રુંજય-ગિરિ-શણગાર-ઋષભ૦
ભૂષણ ભરત - મઝાર - ઋષભ૦
આદિ-પુરૂષ અવતાર - ઋષભ૦॥
તુમ ચરણે પાવન કર્યું રે, પૂર્વ નવાણું વાર ।
તેણે તીરથ સમરથ થયું રે, કરવા જગત ઉદ્ધાર-ઋષભ૦॥૧॥
અવર તે ગિરિ પર્વતે વડો રે, એહ થયો ગિરિરાજ ।
સિદ્ધ અનંત ઈહાં થયા રે, વલી આવ્યા અવર જિનરાજ-ઋષભ૦ ॥૨॥
સુંદરતા[1] સુર-સદનથી રે, અધિક જિહાં પ્રાસાદ ।
બિંબ અનેકે શોભતો રે, દીઠે ટળે વિખવાદ-ઋષભ૦ ॥૩॥
ભેટણ કાજે ઉમહ્યા રે, આવે સવિ ભવિ-લોક ।
કલિ-મલ તસ અડકે નહિ રે, [2]જ્યું સોવન ધન રોક-ઋષભ૦ ॥૪॥
જ્ઞાન વિમલ-પ્રભુ જસ શિરે રે, તસ કિસી ભવ-પરવાહ ? ।
કર-તલ-ગત શિવ-સુંદરી રે, મિલે સહજ ધરી ઉચ્છાહ-ઋષભ૦ ॥૫॥

૧. દેવ વિમાન ૨. જેમ રોકડ, સોના આદિ ધનને કાટ ન લાગે (ચોથી ગાથાની ચોથી લીટીનો અર્થ)

# શ્રી આદીશ્વર ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય


ત્રાશી લાખ પૂરવ ઘરવાસે, વસિયા પરિકર યુક્તાજી;
જન્મથકી પણ દેવતરૂ ફલ, ક્ષીરોદધિ જલ ભોક્તાજી;
મઈ સુય ઓહિ નાણે સંજાુત્ત, નયણ વયણ કજ ચંદાજી;
ચાર સહસશ્યું દીક્ષા શિક્ષા, સ્વામી શ્રી ઋષભ જિણંદાજી ।।૧।।

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા;
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;
કેવળ સિરિ રાયા, મોક્ષ નગરે સિધાયા.।।૧।।

## શ્રી વીરવિજયજી કૃત થોય

પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઈંદ્ર,
જિનના ગુણ ગાવે, સુરનરનારીના વૃંદ.



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# શ્રી આદીશ્વર ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : નાભીરાજા | માતાનું નામ | : મરૂદેવી |
| જન્મ સ્થળ | : વીનીતાભુમિ | જન્મ નક્ષત્ર | : ઉત્તરાષાઢા |
| જન્મ રાશી | : ધન | આયુનું પ્રમાણ | : ૮૪ લાખ પુર્વ |
| શરીરનું માપ | : ૫૦૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૪૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૧૦૦૦ [illegible] | [illegible] | [illegible] |
| ગણધર સંખ્યા | : ૮૪ | [illegible] | [illegible] |
| સાધુઓની સંખ્યા | : ૮૪[illegible] | [illegible] | [illegible] |
| શ્રાવકની સંખ્યા | : ૩,[illegible] | [illegible] | [illegible] |
| અધિષ્ઠાયક યક્ષ | : ગોમુખયક્ષ | [illegible] | [illegible]ધરી દેવી |
| પ્રથમ ગણધરનું નામ | : પુંડરીક | પ્રથમ આર્યાનું નામ | : બાદમી |
| મોક્ષ આસન | : પદ્માસન | ભવ સંખ્યા | : તેર ભવ |
| ચ્યવન કલ્યાણક | : જેઠ વદિ ૪ | જન્મ કલ્યાણક | : ફાગણ વદિ ૮ |
| દીક્ષા કલ્યાણક | : ફાગણ વદિ ૮ | કેવલજ્ઞાન કલ્યાણક | : મહા વદિ ૧૧ |
| મોક્ષ કલ્યાણક | : પોષ વદિ ૧૩ | મોક્ષ સ્થાન | : અષ્ટાપદ |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩